Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૪૩
તા.૨૮-૦૬-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૧૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬ સૂર્યાસ્ત : ૦૭:૨૮

તાપમાન: ડીસા ૩૮.૫, અમદાવાદ ૩૫.૧, ગાંધીનગર ૪૦.૦, વડોદરા ૩૩.૮, સુરત ૩૧.૪, નલિયા ૩૩.૬

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# અરવલ્લીમાં ભારે વરસાદ : હાથમતી નદી બે કાંઠે

## વિચાર વૈભવ...

પુણ્ય- પુરુષાર્થના જોરે કરોડપતિ બની જવામાં એને સફળતા તો મળી ગઈ પણ એ હતો ભારે કૃપણ અને એટલે જ એણે કરોડ રૂપિયામાં એક સોનાની પાટ બનાવી લીધી અને એ પાટ એણે ગામના છેડે રહેલ જમીનમાં ખાડો ખોદીને પાટ સલામત છે.

રોજ સવારના અંધારામાં એ ત્યાં પહોંચી જાય. ખાડો ખોદીને પાટ સલામત છે એની ખાતરી કરી લે. પછી એના પર ધૂળ નાખી દે અને ઘરે આવી જાય.

પણ, એની આ ચેષ્ટા ગામના એક માણસની નજરમાં ચડી ગઈ. એને શંકા પડી કે 'નક્કી, દાળમાં કંઈક કાળું લાગે છે' એ કૃપણની પાછળ પાછળ ગયો. કૃપણની ચેષ્ટા જોઈ. સોનાની પાટ જોઈને એની આંખો પહોળી થઈ ગઈ. કૃપણના ગયા બાદ ખાડો ખોદીને સોનાની પાટ ઉઠાવીને એ પોતાના ઘરે આવી ગયો.

બીજે દિવસે કૃપણ એ જગા પર ગયો તો ખરો પણ સોનાની પાટ જોવા ન મળતાં એ તો છાતી જ કૂટવા લાગ્યો. એના કરૂણ આક્રન્દને જોઈને પાટ ચોરી ગયેલ માણસ એની પાસે આવ્યો અને એને કહ્યું,

'રડવાની જરૂર શી છે? પાટની જગાએ પથરો ગોઠવી દે!'

'પથરો?'

'આખરે તું પાટનાં દર્શન જ કરતો હતો ને? તો હવે પથરાનાં દર્શન કરવા લાગ. તને એમાં કશો જ ફરક પડવાનો નથી.'

'કૃપણ શું બોલે?

*****

કૃપણ માટે એમ કહેવાય છે કે એ જ્યારે જમીનમાં દટાય છે ત્યારે જ એની પાસે રહેલા પૈસા બહાર આવે છે! જીવનની પળપળ કીમતી અને જીવનની સમાપ્તિ ટાણે જે મુકીને જવાનું એના જ અર્જનમાં, વર્ધનમાં અને સંગ્રહમાં કૃપણ વ્યસ્ત! કદાચ કહેવું હોય તો એમ કહી શકાય કે આ જગતમાં કૃપણ જેવો કોઈ ઉદાર(?) નથી. જે પણ ભેગું કરે છે એમાંનું કશું જ લીધા વિના એ બધું જગતને આપીને ચાલ્યો જાય છે! રે કરૂણતા!

- શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### આજે ભવ્ય જળયાત્રા : પ્રભુ મોસાળ જશે, ભારે ઉત્સાહ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૧૪૧મી ઐતિહાસિક અને પરંપરાગત રથયાત્રા નીકળનાર છે ત્યારે આવતીકાલે તા.૨૮ જુનના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય જળયાત્રા નીકળશે. આવતીકાલે જેઠ સુદ પૂનમથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી સરસપુર ખાતેના તેમના મોસાળમાં પંદર દિવસ માટે રહેવા જશે. અમદાવાદના જમાલપુર સ્થિત ભગવાન જગન્નાથજી મંદિરે પુનમના દિવસે જળયાત્રામાં ૧૫૧ ધ્વજ પતાકા, બેન્ડવાજા અને હાથી સાથે મંદિરેથી નીકળીને સાબરમતી નદીમાં સોમનાથ ભુદરના આરે જળ ભરવા માટે જશે. સોમનાથ ભુદરના આરેથી ૧૦૮ ઘડામાં જળ ભરવામાં આવશે. સવારે ૮-૩૦ વાગ્યે ગંગાપૂજન વિધિ પૂર્ણ કર્યા બાદ સવારે ૧૦.૦૦ વાગ્યે આ જળથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રા અને બલરામજીનો મહાજળાભિષેક કરવામાં આવશે.

## અરવલ્લીમાં બે કલાકમાં ત્રણ ઇંચ વરસાદ : ઉત્તર ગુજરાતના કેટલાક સ્થળે અતિ ભારે વરસાદની ચેતવણી જારી



અમદાવાદ

દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજાએ જોરદાર મહેર વરસાવ્યા બાદ હવે ચોમાસાની વરસાદી સીસ્ટમ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુ-જરાત તરફ આગળ વધી છે. આજે ઉત્તર ગુજરાતના અરવલ્લી સહિતના પંથકોમાં ભારે વરસાદ નોંધાયો હતો. જેમાં અરવલ્લીમાં માત્ર બે કલાકમાં જ ત્રણ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતાં સમગ્ર પંથકમાં સર્વત્ર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ભારે તોફાની વરસાદના કારણે જિલ્લાની બુઢેલી અને હાથમતી નદીમાં નવા નીરની જોરદાર આવક થઈ હતી. જેને પગલે એક તબક્કે ભિલોડા-શામળાજી હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. હાઈવે પર નદીના પાણી ફરી વળ્યા હતા. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં અરવલ્લી પંથકમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અરવલ્લીમાં ગઈકાલે પણ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. ગઈકાલે જિલ્લામાં ધનસુરા, ભિલોડા, બાયડ, મોડાસા, મેઘરજ, માલપુરમાં વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને કારણે નદીઓમાં નવા નીર આવ્યા હતા. ભિલોડા પંથકમાં મોડી રાતથી ભારે વરસાદ વરસી રહ્યો છે. ભિલોડામાં બુઢેલી નદીના પ્રવાહમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. ભિલોડોમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકી ચૂક્યો છે અને સમગ્ર પંથકમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદને કારણે બુઢેલી નદીના પાણીના પ્રવાહમાં વધારો નોંધાતા આજે બુઢેલી નદીના પુલ ઉપરથી પાણી વહેવા લાગ્યું હતું.

## નોકરી ગયાના ૩૦ દિન બાદ ૭૫ ટકા ફંડને ઉપાડી શકાશે

### ઈપીએફઓના નવા નિયમ અમલી કરી દેવાયા

નવી દિલ્હી

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ દ્વારા તેના સભ્યોને મહત્વપૂર્ણ વિકલ્પ આપ્યા બાદ કર્મચારીઓમાં રાહત દેખાઈ રહી છે. ઈપીએફઓના નિર્ણય બાદ તેના સભ્યોની પાસે એક મહિના સુધી બેરોજગાર રહેવાની સ્થિતિમાં ૭૫ ટકાની રકમ ઉપાડવાની તક રહેશે. નવા ઈપીએફઓ નિયમો આવી ગયા છે. હવે બેરોજગારીના એક મહિના સુધી ૭૫ ટકા રકમ ઉપાડી શકાશે. આ રીતે તે પોતાના ખાતાને જારી પણ રાખી શકે છે. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડના ચેરમેન અને શ્રમપ્રધાન સંતોષકુમાર ગંગવારે કહ્યું હતું કે અમે આ યોજનામાં સુધારા કરવાનો નિર્ણય કરી ચુક્યા છીએ જે હેઠળ એક મહિના સુધી બેરોજગાર રહેવાની સ્થિતિમાં ઈપીએફઓના કોઈપણ સભ્ય ૭૫ ટકા રકમને ઉપાડી શકશે અને પોતાના ખાતાને જાળવી શકશે. નવી યોજના હેઠળ વ્યક્તિ પોતાના પીએફ એકાઉન્ટને જાળવી શકે છે. તેનો ઉપયોગ બીજી નોકરી મળવાની સ્થિતિમાં કરી શકે છે. પહેલા એવો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો કે ૬૦ ટકા રકમ જ પરત ઉપાડી શકાશે પરંતુ સીબીટીએ આ મર્યાદા ૭૫ ટકા કરી છે. ઈટીએફ અથવા તો એક્સચેન્જ ટ્રેડેડ ફંડ મેન્યુફેકચર્સ એસબીઆઈ અને યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડની સમયસીમા પર પહેલી જુલાઈ ૨૦૧૯ સુધી વધારી દીધી છે. એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં ઈપીએફઓનું મૂડીરોકાણ ૪૭૪૩૧.૨૪ કરોડ સુધી પહોંચી ગયું છે. ટૂંક સમયમાં જ આ આંકડો એક લાખ કરોડ સુધી પહોંચી જશે. આમાં રોકાણ પર રિટર્નનો આં-કડો ૧૬.૦૭ ટકાની આસપાસનો છે. ઈપીએફ ઓના આ નિર્ણયને લોકલક્ષી તરીકે ગણવામાં આવે છે અને કોઈ કર્મચારીની નોકરી જવાની સ્થિતિમાં તેને એક મહિના સુધી રાહત મળી શકે છે. નવી યોજના હેઠળ નોકરી જવાની સ્થિતિમાં પીએફ એકાઉન્ટમાં જમા ૭૫ ટકા રકમ કાઢીને એકાઉન્ટને જાળવી શકાય છે.

## કર્ણાટકમાં કુમારસ્વામીની ખુરશી ખતરામાં

બેંગલોર

કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસ સરકાર બન્યા બાદથી રાજ્યની રાજનીતિમાં મજબત પક્કડ ધરાવનાર પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની નારાજગી મુખ્યમંત્રી કુમારસ્વામી માટે ભારે પડી શકે છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે પાંચમી જુલાઈના દિવસે રજુ થનાર બજેટ પહેલા કુમારસ્વામીની ખુરશી જઈ શકે છે. હવે એવા અહેવાલ આવી રહ્યા છે કે અસંતુષ્ટ સિદ્ધાર મૈયાથી મળવા એક મંત્રી સહિત કોંગ્રેસના ૯ ધારાસભ્યો દક્ષિણ કન્નડ જિલ્લાના બેલતા નગડી પહોંચી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રીના વલણને જોતા એમ માનવામાં આવી રહ્યું છે કે આગામી દિવસોમાં રાજ્યની રાજનીતિમાં કેટલાક મોટા ધરખમ ફેરફાર થઈ શકે છે.

## સઘન સુરક્ષા વચ્ચે અમરનાથ યાત્રા શરૂ : ૧૫૬૦ યાત્રિકો નોંધાયા



જમ્મુ

અમરનાથ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અમરનાથ યાત્રા માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો આજે સવારે જમ્મુથી બાલતાલ અને બેઝ કેમ્પ માટે રવાના થયો હતો. જમ્મુથી આશરે ૪૦૦ કિલોમીટરની યાત્રા કરીને બાલતાલ પહોંચનાર આ જથ્થામાં ૧૫૬૦ જેટલા શ્રદ્ધાળુઓ છે. ૬૦ દિવસની આ યાત્રામાં આ વખતે અઢી લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. અમનારથ યાત્રા ૨૬મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. પહેલગામ અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ તરીકે છે. ત્યાંથી અમરનાથની પવિત્ર યાત્રા ચાલતા શરૂ થાય છે. આ ઉપરાંત બાલતાલથી પણ બીજો રસ્તો અમરનાથ ગુફા માટે હોય છે. ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અમરનાથ યાત્રીઓની સંખ્યામાં પહેલાની સરખામણીમાં વધારો થાય તે માટે આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ગંભીરરીતે ધ્યાન આપી રહ્યા છે. બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ યાત્રાને લઈને સરકારની ગંભીરતાનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે આ વખતે સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન પોતે ખીણ પહોંચીને સુરક્ષા પાસાઓની ચકાસણી કરી ચુક્યા છે.

## ઉત્તરપ્રદેશમાં યોગી કેબિનેટમાં ટુંકમાં જ ફેરફારની વકી

### લોકસભા ચુંટણીમાં ભવ્ય દેખાવ કરવાની તૈયારી

લખનૌ

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારમાં ૨૦૧૯ લોકસભા ચૂંટણી પહેલા કેટલાક નવા ચહેરાઓ જોવા મળી શકે છે. ભારતીય જનતા પાર્ટી સાથે યોજાયેલી બેઠકમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે સાફ સંકેત આપ્યા છે કે રાજ્ય સરકારમાં રહેલા કેટલાક લોકોની જવાબદારી નક્કી થવી જોઈએ. સંઘનું માનવું છે કે કેટલાક પ્રધાનોના કામ જમીન ઉપર દેખાઈ રહ્યા નથી. જેથી આ દિશામાં પણ વિચારણા કરવાની જરૂર છે. સંઘના ઈશારા બાદ સંભવિત મંત્રીમંડળના વિસ્તરણમાં અનેક મંત્રીઓને હકાલપટ્ટી થઈ શકે છે. સાથે સાથે સંઘે ટીમ યોગીની સાથે મળીને કુંભ અને ૨૦૧૯ લોકસભા ચુંટણી માટે રણનીતિ તૈયાર કરી લીધી છે. સંઘ દ્વારા મેળવવામાં આવેલા ફિડબેકના કારણે અનેક મંત્રીઓની મુશ્કેલીઓ વધી શકે છે. યુપી સરકાર અને સંઘ વચ્ચે મંગળવારના દિવસે બેઠકોનો દોર ચાલ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સવારમાં દિલ્હી પહોંચ્યા હતા જ્યાં બે કલાક સુધી તેમની વાતચીત સંઘના ટોપના લોકો સાથે થઈ હતી. ત્યાંથી પરત ફર્યા બાદ સંઘના સહકાર્યવાહક દત્તાત્રે હોસબોલે સાથે મુખ્યમંત્રી આવાસ ઉપર યોગીએ બેઠક યોજી હતી.

## આગામી ૨૯મી જૂનથી ગુજરાતને 'મહામના એક્સપ્રેસ'ટ્રેન મળશે

અમદાવાદ

ગુજરાતમાં રેલ્વેમાં મુસાફરી કરતાં પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર છે કે, તા.૨૯મી જૂનથી ગુજરાતને વધુ એક ટ્રેન મળવા જઈ રહી છે. જેનો સીધો ફાયદો અમદાવાદ અને રાજકોટ સહિતના પંથકના લોકોને મળવાનો છે. ગુજરાતમાં નવી ટ્રેન દોડાવવાની વેસ્ટર્ન રેલવેએ જાહેરાત કરી છે. આગામી તા.૨૯ જૂને લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન દ્વારા 'મહામના એક્સપ્રેસ'ને લીલીઝંડી બતાવી તેનું પ્રસ્થાન કરાવાશે. મહામના એક્સપ્રેસ નામની આ વીકલી ટ્રેન ઈન્દોર-અમદાવાદ-વેરાવળના રૂટ પર દોડશે. આ ટ્રેન દર મંગળવારે ઈન્દોરથી ઉપડશે અને બુધવારે વેરાવળ પહોંચશે અને તે ટ્રેન ગુરુવારે વેરાવળથી ઉપડી શુક્રવારે ઈન્દોર પહોંચશે. આ વીકલી ટ્રેન ગોધરા, અમદાવાદ, રાજકોટ સ્ટેશનની સાથે સુરેન્દ્રનગર, વાંકાનેર, દેવાસ, ઉજ્જૈન અને રતલામમાં હોલ્ટ કરશે. આમ, રાજકોટ અને અમદાવાદને પણ સીધો ફાયદો થશે. આ વીકલી ટ્રેન મંગળવારે રાત્રે ૧૦.૨૫ વાગ્યે ટ્રેન ઈન્દોરથી ઉપડશે અને બુધવારે સવારે ૮.૨૫ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બીજા દિવસે વેરાવળથી સવારે ૮.૪૫ કલાકે ઉપડશે અને સાંજે ૫.૪૦ કલાકે અમદાવાદ પહોંચશે. ઈન્દોર-જૂનાગઢ પૂરી-ઈન્દોર અને ઈન્દોર-હૈદરાબાદ-ઈન્દોર હમસફર એક્સપ્રેસ બાદ વધુ એક ટ્રેન સેવા ઈન્દોરથી શરૂ થશે. ૧૬ કોચની આ ટ્રેનમાં ૭ સ્લીપર કોચ, બે એસી-૩, એક એસી-૨ અને ૪ જનરલ કોટ અને બે સીટિંગ કમ લગેજ કોચ હશે. રૂટના અમદાવાદ, રાજ-કોટ, વેરાવળ સહિતના પંથકોના પ્રવાસીઓ-મુસાફરોને આ નવી ટ્રેન શરૂ થવાથી ઘણો ફાયદો થશે. નવી ટ્રેન શરૂ થવાથી લોકોને ઈન્દોર જવા વધુ વિકલ્પ મળશે.

## દૂધના પાવડરના નિકાસ માટે પ્રતિ કિલો ૫૦ રૂપિયાની રાજ્ય સરકારની સહાય

### દૂધ ઉત્પાદકોના હિતમાં રાજ્ય સરકારનો આવકારદાયક નિર્ણય : શંકરભાઈ ચૌધરી

પાલનપુર

દૂધના પાવડરની નિકાસ માટે રાજ્ય સરકારે પ્રતિ કિલોએ રૂા.૫૦ની સહાયની જાહેરાતને આવકારતા બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે દૂધ સંઘો પાસે પડેલા પાવડરના જથ્થાનો નિકાસ કરવામાં હવે સરળતા રહેશે.



ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્કીમ મિલ્ક પાવડર (દૂધનો પાવડર)ના ભાવમાં મોટો ઘટાડો થતાં રાજ્યના સહકારી દૂધ સંઘો દૂધના પાવડરને વેચી શકતા ન હતા અને તેના પરિણામે સંઘો પર વ્યાજનું ભારણ વધ્યું હતું. પરિણામે તેનું નુકસાન દૂધ ઉત્પાદકોને થતું હતું. રાજ્ય સરકારે દૂધના પાવડર પર પ્રતિ કિલોએ રૂા.૫૦ની સહાય જાહેર કરતાં હવે દૂધ સંઘો દૂધનો પાવડર વેચી શકાશે, તેમનો સ્ટોક ઘટાડી શકાશે. પરિણામે ડેરીઓની રોકાયેલી રકમ પણ છૂટી થશે અને વ્યાજનું ભારણ ઘટતાં દૂધ સંઘોની આવક પણ વધશે.

અત્રે એ વાતની નોંધ લઈએ કે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને અન્ય દૂધ સંઘોના ચેરમેનઓ છેલ્લા કેટલાક સમયથી રાજ્ય સરકારને અવાર-નવાર રજૂઆતો કરેલ હતી અને શંકરભાઈ ચૌધરીના વ્યક્તિગત પ્રયાસો અને સૂચનોથી ન્યાયપૂર્ણ પગલું સાકાર થયેલ છે.

બનાસકાંઠાના પશુપાલકો અને દૂધ ઉત્પાદકોમાં ભારતીય જનતા પાર્ટીની લોકપ્રિય સરકારના નિર્ણયથી આનંદની લહેર છવાઈ ગઈ છે.

## પાલનપુરમાં નીતિ નિયમોને નેવે મુકનાર રેસ્ટોરન્ટ સામે હોબાળો

### પાલિકાના કારોબારી ચેરમેન દોડી આવ્યા

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશન રોડ પર સ્વચ્છતા અભિયાનના ધજીયા ઉડાવી નીતિ નિયમોને કોરાણે મૂકી ચાલતી રેસ્ટોરન્ટના સંચાલક દ્વારા ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન દાખવવામાં આવતું હોવાના મુદ્દે હોબાળો થયો હતો. જેને પગલે પાલિકાના કારોબારી ચેરમેન પણ દોડી આવ્યા હતા.

પાલનપુરમાં રેલવે સ્ટેશન રોડ પર આવેલી ભગવતી રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા રાખવામાં આવતી ન હોવાની ફરિયાદો વચ્ચે રસોડા નજીકથી ગટર પસાર થાય છે. રસોડામાં સંડાસ- બાથરૂમ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા મુજબ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા નથી કે રસોડું જોઈને જમવા બેસવાનું બોર્ડ પણ લગાવેલ નથી. જ્યાં ગ્રાહકો પાસેથી એક ડીસના રૂપિયા ૭૦ લેવામાં આવે છે. જેનું પાકુ બીલ ગ્રાહકને આપવામાં આવતું નથી. આ બધી ત્રુટીઓ ઉપરાંત ગ્રાહકો સાથે ઉધ્ધત વર્તન દાખવવામાં આવી રહ્યું છે.





અનુસંધાન પાના નં.૬

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

સૂર્યોદય - ૫.૫૬ સૂર્યાસ્ત - ૭.૨૮

## તિથિદર્શન

જેઠ સુદ-૧૫ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :પુનમ ગુરૂવાર નક્ષત્ર: મુળ બપોરે ૧૨.૨૩ પછી પૂર્વષાઢા યોગ :બ્રહ્મ કરણ : બાલવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### સ અમાત્યઃ સદા શ્રોયન્કાકિનીં ય પ્રવર્ધતેતા કોશઃ કોશવતઃ પ્રાણાઃ પ્રાણાક્ર પ્રાણા ન ભૂપતેઃ

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે. સરકારી તિજોરીના વહીવટની આમાં વાત છે :- 'જે રાજયની તિજોરીમાં દરરોજ એક એક રૂપિયો પણ વધારતો રહે છે એવો જ નાણાપ્રધાન- મંત્રી - ખજાનચી- અમાત્ય સદાય રાજયનું કલ્યાણ કરનારો છે કારણ કે રાજાના પોતાના 'પ્રાણ' સાચા પ્રાણ નથી, પણ રાજાની છલકતી તિજોરી જ રાજાનો સાચો પ્રાણ છે.' નાણામંત્રીએ અઢાર વખત બજેટ રજૂ કર્યું એ મહત્વનું નથી. બજેટમાં વર્ષો- વર્ષ ઉધાર- દેવું - કરજ વધારતાં જાય અને તિજોરીમાં 'આબરૂ' ને બદલે ચિંતાના કાંકરા ભરતા જાય એમાં કંઈ 'રેકોર્ડ' થતો નથી. અને આપણી- રાજયની તિજોરીની જીવાદોરી તો અદાણી- રિલાયન્સના હાથમાં છે. નાણાંમંત્રી તો એમના માટે યમરાજનું વાહન માત્ર છે. આજે ગુજરાત રાજયની તિજોરી કરોડો રૂપિયાના ઉધાર- દેવા- ઋણથી દબાણ હેઠળ છે. દર વાર્ષિક બજેટમાં વ્યાજની રકમનો આં- કડો વધતો જ જાય છે. છતાં સરકારની ઊંઘ ઊડતી નથી અને કરોડો- અબજોના ખોટા ખર્ચ જાહેરાતો અને મેળા- ઉત્સવોના પ્રચારમાં થાય છે. સાચા નાણામંત્રી સરકારનું બજેટ બચત- પુરાતંવાળું અને ઉધાર- કરજ વિનાનું, કરકસરભર્યું હોવું જોઈએ. રાજાની તિજોરી છલોછલ હોય તો પ્રજા - કર્મચારીઓને એક પ્રકારનો ઉત્સાહ રહે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)ભાઇ-બહેનનો સહકાર મળે. પર્યટન કે પ્રવાસનું આયોજન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.**
**મિથુન : (ક.છ.ઘ.)સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.**
**કર્ક : (ડ.હ.)સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકાય.**
**સિંહ : (મ.ટ.)ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.)ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.**
**તુલા : (ર.ત.)ગૃહવિવાદ નિવારી શકશો. યશ-માન-કિર્તીમાં વધારો થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)માનસિક અશ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.**
**ધન : (ભ.ફ.ધ.)રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.**
**મકર : (ખ.જ.)લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) પ્રવાસ ટાળવો હિતાવહ, કાર્યબોજ હળવો બને.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કન્યાકેળવણીના જનક, શિક્ષણશાસ્ત્રી અને સાહિત્યકાર હિંમતલાલ ગણેશજી અંજા રિયાની પુણ્યતિથિ.

એમનો જન્મ ૨-૧૦-૧૮૭૭ ના રોજ વડનગર નાગર જ્ઞાતિમાં થયો હતો.

મુંબઈની શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી કોલેજ એ જ એમનું ચિરસંભારણું છે. એમણે ગુજરાતી સાહિત્યક્ષેત્રે પણ મૂલ્યવાન પ્રદાન કર્યું છે..

તા. ૨૮-૬-૧૯૭૨ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા.૨૮.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૭૦૭ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૭.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૭૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૨૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૮૮ પોઈન્ટ થી ૧૦૭૦૭ પોઈન્ટ, ૧૦૭૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૭૧૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૭.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૨૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૬૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૪૬૪ પોઈન્ટ થી ૨૬૪૯૩ પોઈન્ટ, ૨૬૫૦૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**HCL ટેક્નોલોજી (૯૨૪) :- ટેક્નોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૯૦૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૯૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૯૩૭ થી રૂ.૯૪૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૯૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (૮૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૮૨ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૦૩ થી રૂ.૯૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બાટા ઈન્ડિયા (૮૩૯) :- રૂ.૮૧૮ નો પ્રથમ તેમજ રૂ.૮૦૮ ના બીજા સપોર્ટથી ફૂટવેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૪૮ થી રૂ.૮૫૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ટેક મહિન્દ્રા (૭૧૮) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૨૭ થી રૂ.૭૩૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૭૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૩૯૩) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૮૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાઇનાન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૯૭ થી રૂ.૪૦૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૬૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રિફાઇનરી સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૫૭ થી રૂ.૯૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા સ્ટીલ (૫૪૨) :- રૂ.૫૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૫૩૩ થી રૂ.૫૨૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૮૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**અદાણી પોર્ટ (૩૫૬) :- પોર્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૩૭૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૪૮ થી રૂ.૩૪૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**જિંદાલ સ્ટીલ (૨૧૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૩ થી રૂ.૧૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ (૧૫૬) :- રૂ.૧૬૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૭૨ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૫૨ થી રૂ.૧૫૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૭૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# ડીસામાં જી.ઈ.બી.ના કર્મચારીઓની મંડળીની નવિન કારોબારીની રચના



પ્રતિ. ડીસા

ડીસા ખાતે જી.ઈ.બી. માં ફરજ બજાવતા કર્મચારીઓની મંડળી કાર્યરત છે ઘી જી.ઈ.બી.ના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની ગત તા.૨૫/૬/૧૮ ના રોજ કારોબારીની મીટીંગમાં આવતા ત્રણ વર્ષ માટે નવિન કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં ૨૦૧૮ થી ૨૦૨૧ સુધીના ત્રણ વર્ષ માટે ધિરાણ મંડળીના પ્રમુખ તરીકે બળદેવભાઈ રાયકાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બળદેવભાઈ રાયકા ખુબ જ ઉત્સાહી વ્યક્તિ છે વિવિધ સામાજીક ધાર્મિક કાર્યો સાથે પણ જોડાયેલા છે ત્યારે જી.ઈ.બી. કર્મચારી ધિરાણ મંડળીના પ્રમુખ તરીકે તેમની સતત વરણી થતાં કર્મચારીઓ સહિત અન્ય તેમના સમર્થક લોકોમાં પણ ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે આ ઉપરાંત કારોબારીમાં અન્ય હોદેદારોમાં ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ શર્મા, મંત્રીમાં મહેન્દ્રભાઈ સુઢીયા, સહમંત્રીમાં હસમુખભાઈ નાઈ, જ્યારે કારોબારીના સભ્ય તરીકે સુનિલભાઈ રાજગોર, રાજેન્દ્રભાઈ પટેલ, શશીકાન્તભાઈ ત્રિવેદી, મહેશભાઈ મનવ, ભીખાભારથી સ્વામી, રાજેશકુમાર સોલંકી તથા ડોમરાભાઈ પટેલની સર્વાનુમતે નિમણુક કરવામાં આવી હતી.

# ડીસાની ચિ.હં.દોશી પે.કેન્દ્ર શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



ડીસા

ડીસાની ચિ.હં.દોશી પે કેન્દ્ર ખાતે ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને ચિ.હં.દોશી શાળા અને જમનાબાઈ પ્રા.શાળાનો સંયુક્ત શહેરી પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં ભાજપ અગ્રણી મહેશભાઈ દવે, સંજયભઈ બ્રહ્મભટ્ટ, અશોકભાઈ પટેલ, ચેતનભાઈ ત્રિવેદી, લલિતભાઈ દોશી, ર્ડા.રાજાભાઈ પટેલ (જિ.પં.અધ્યક્ષ), સીઆરસીઓ, બીઆરસીઓ ઉપસ્થિત રહ્યા હતા. દાતાઓ ભૂરાભાઈ પકવાનવાળા (ભોજન દાતા) મુન્નાભાઈ (શાંતિપ્રકાશ) સોની લીલાબેન સોની (ઈનામના દાતા) સુધાબેન પટેલ (સોફા), ભવાનીશંકર ત્રિવેદી (રોકડ દાતા), હેમાંગીબેન પરમાર (મહિલા મંડળ) પ્રફુલ અગ્રવાલ (સાઉન્ડ દાતા) ને અધ્યક્ષ શશીકાન્ત પંડ્યા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આંગણવાડીના બાળકોને પ્રથમ કુમકુમ તિલક, ચોકલેટ, નાસ્તો અને કીટ આપી ધારાસભ્ય તથા મહેમાનો દ્વારા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો તે પછી ચિ.હં.દોશી અને જમનાબાઈ પ્રા.શાળાના ધો.૧ ના બાળકોને કુમકુમ તિલક, ચોકલેટ સ્વ.અલ્પેશ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કીટ આપી ઉમળકાભેર પ્રવેશ વિધિ કરાવવામાં આવી હતી. ધોરણ.૩ થી ૭ નાં પ્રથમ આવનાર બાળકોને મુન્નાલાલ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કોકિલાબેન પરમારને રાજ્યની કારોબારીમાં મહિલામંત્રી તરીકે સ્થાન મળતાં તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ચંદુભાઈ એટીડી, રમેશભાઈ ત્રિવેદી, રાજાભાઈ ટાંક સિનિયર શિક્ષકો તેમજ સમગ્ર ચિ.હં.દોશી/ જમનાબાઈ સ્ટાફનો સહકાર પ્રાપ્ત થયો હતો. પ્રવીણભાઈ સાધુ આચાર્ય દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ જ્યારે નયનાબેન ઠક્કર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કુલ ૧૨૦ ઉપરાંત બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# સાયકલ, સ્કુટર જેવા ટુ વ્હીલર વાહનો વેચતી વખતે કાળજી રાખવા અનુરોધ

પાલનપુર

દેશમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃતિઓના કારણે મોટા પાયે જાનહાનિ/ ભાંગફોડનો ઈરાદો ધરાવતા ત્રાસવાદી તત્વો/ સંગઠનો જાહેર સુલેહ શાન્તિનો ભંગ કરી શકે છે. ગુપ્ત૦ સંસ્થાધઓના વખતો વખતના અહેવાલો મુજબ તથા ભુતકાળમાં આતંકવાદીઓ દ્વારા ગુજરાતમાં અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બત ધડાકાઓ કરી મોટી જાનહાનિ તથા માલ મિલકતને નુકશાન કરવામાં આવેલ. આવા બનાવોની તપાસ દરમ્યાડન જણાઈ આવેલ છે કે આતંકવાદી/ત્રાસવાદી તત્વો મલિન ઈરાદાને અંજામ આપવા સાયકલો તથા ટુ વ્હી લર વાહનોમાં બોમ્બ રાખી બ્લાબસ્ટિ કરી કૃત્યોવને અંજામ આપેલ છે. તેથી સાયકલો, સ્કુતટરો, મોટર સાયકલો તથા ફોર વ્હીાલર મોટરકાર ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્યો કરતા ગુનેગારો સુધી પહોંચી શકાય. તેથી સાયકલ/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિ તેમજ દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યવમાં થોડા નિયંત્રણો મુકવા જરૂરી હોવાથી સંદીપ સાગલે (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બનાસકાંઠા ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવવામાં આવે છે કે બનાસકાંઠા જિલ્લા શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર, થ્રી વ્હીલલર તથા ફોર વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો/ શોપ ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટો ધ્વારા આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર, થ્રી વ્હીલર વાહનો વેચવામાં આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજીત

# શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજ દ્વારા વિશ્વ યોગ દિન નિમિત્તે નિઃશુલ્ક યોગ શિબિર યોજાઇ



(સંજય જોષી)

પાલનપુર

આજે પાલનપુર નજીક આવેલ રિધ્ધી સિધ્ધી પાર્ટી પ્લોટ ખાતે શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા નિઃશુલ્ક યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોઢ મોદી સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં રોજિંદા જીવનમાં યોગનું મહત્વની સમજણ સાથે યોગ નિષ્ણાતો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુદરતિ ઔષધીઓ માંથી બનાવેલ રસની વ્યવસ્થા રાખવામા પણ આવી હતી. આ શિબિરનું સંચાલન મધુબેન એમ મોઢ પ્રમુખ, મુકેશભાઇ કે. મોઢ, પ્રમુખ, જિજ્ઞાબેન ડી. મોઢ, મંત્રી ભગવતીબેન મોદી, મહેન્દ્રભાઇ ડી. મોઢ મંત્રી, જયેશભાઇ મોદી અને સુરેશભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું અને મોઢ મોદી મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા વધુમાં જાણવા મળેલ કે આ વર્ષની જેમ દર વર્ષે આવા નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવશે.

# શ્રીનગર - જગાણા ખાતેના શિવ મંદિરનો પાટોત્સવ યજ્ઞ ઉજવાયો



જગાણા

પાલનપુર તાલુકાના પ્રગતિશીલ જગાણા ગામે શ્રીનગર સોસાયટીમાં આવેલ નરમદેશ્વર શિવ મંદિરમાં ૨૫ તારીખે સોમવાર ના રોજ ૧૧ મો પાટોત્સવ ઉજવાઇ ગયો સદર કાર્યક્રમ દરમિયાન શિવજી સમક્ષ શ્રીનગર વિસ્તારના રહીશો સમસ્ત ગ્રામજનોના કલ્યાણ અર્થે શિવ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

યજ્ઞના મુખ્ય યજમાન તરીકે શ્રી કેશુભાઇ ત્રિવેદીના પરિવારે લાભ લીધો હતો આ નિમિત્તે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ મુળજીભાઇ દેસાઇ સહિત ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# વડગામમાં રક્તદાન કેમ્પ યોજાયો



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગત તારીખ ૨૪/૬/૨૦૧૮ ને રવિવાર સવારે ૯/૦૦ કલાકે થી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના વડગામ તાલુકા દ્વારા બ્લડ ડોનેટ કેમ્પ આયોજન વડગામના જુનાનાગરપુરા નિલકેશ્વર મહાદેવ મંદિરે આયોજન કરવામાં આવ્યું. જેમાં ભુમિ બ્લડના સહયોગથી ૮૪ બોટલ બ્લડ ઠાકોર સેના હોદેદારો દ્વારા દાન કર્યું. જે બ્લડ ડોનેશન કેમ્પ વડગામ તાલુકાના તમામ હોદેદારોએ ખૂબ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો. બ્લડ ડોનેશન કેમ્પમાં દાતાઓ દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સેવા વંચિત વિસ્તારની શાળાઓમાં વિના મૂલ્યે નોટબુક વિતરણ



(ભરત સુંદેશા)

ડીસા

સ્વ.લોકેશ ઠક્કરની યાદમાં તેમના પરિવારજનો પ્રતાપભાઈ ઠક્કર (આર.એસ. એસના અધિકારી) તેમના પુત્ર ર્ડા.દીપકભાઈ ઠક્કર, નયનભાઈ ઠક્કર તથા નાની દીકરી પ્રાપ્તી ઠક્કરના હસ્તે સેવા વંચીત વિસ્તાર કે.બી.મુની આશ્રમ શાળા તથા ધુળીયા કોટ પ્રા.શાળા ઈન્દિરા નગર ડીસા જેવી પ્રાથમિક શાળાઓમાં ઉપસ્થિત રહીને બાળકોને વિનામુલ્યે નોટબુક્સ વિતરણનું સેવાકીય કાર્ય કરવામાં આવ્યું. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદ ડીસા શાખાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી, મહામંત્રી જયેશભાઈ દેસાઈ, પૂર્વ મંત્રી હરીશભાઈ ઠક્કર તથા ચિત્ર શિક્ષક નાથાલાલ બ્રહ્મક્ષત્રિય ર્ડા.સી.કે.પટેલ અને શાળાના આચાર્ય તથા સ્ટાફમિત્રોએ ઉપસ્થિત રહીને સેવાકીય પ્રવૃત્તિનું ગૌરવ લીધું હતું.

# મીઠી પાલડી જૈન વજસ્વામી પાઠશાળાનું ઉત્કૃષ્ટ પરિણામ..!!



(પ્રતિ.) મીઠી પાલડી

દિયોદર તાલુકના મીઠી પાલડી ગામે છેલ્લા કેટલાયે વર્ષોથી શ્રી વજસ્વામી જૈન પાઠશાળા ચાલી રહી છે, જેમા અંદાજે ૪૫ જેટલા વિધ્યાર્થીઓ અભ્યાસ કરી સુ-સંસ્કારો નું સિંચન કરી રહ્યા છે, તેમજ મીઠી પાલડીના શ્રી જયણાબેન હસમુખલાલ વારૈયા આ પાઠશાળામાં શિક્ષિકા તરીકે નિસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે,તેમજ બાળકોના જીવનમા સુ-સંસ્કારોનું સિંચન રસપાન કરાવી રહ્યા છે.

શ્રી જગદગુરુ મિત્ર મંડળ પાલનપુર સંચાલિત શ્રી બનાસકાંઠા જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા યોજાયેલ બનાસકાંઠાની ૨૦૧૭થી ૨૦૧૮ની ૭૩મી વાર્ષિક લેખિત તેમજ મૌખિક પરીક્ષા સમગ્ર બનાસકાંઠાની જૈન પાઠશાળાઓમાં તાજેતરમાં લેવામા આવી, જેમા મીઠી પાલડી જૈન પાઠશાળાના બાળકોએ પણ ભાગ લીધો..જેના પરિણામે સમગ્ર બનાસકાંઠામાં મીઠી પાલડીની પાંચ બાલિકાઓ સારા માર્ક સાથે મોખરે રહી એક થી ત્રણ નંબરમાં સ્થાન મેળવ્યું છે,જેથી મીઠી-પાલડી જૈન સંઘ સમાજ, તેમજ પાઠશાળાનું ગૌરવ વધાર્યું છે, અત્રે ઉલ્લેખનીય છેકે પાલડી જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા ચૌહાણ ઈન્દુબેન જે પોતે જૈન ન હોવા છતા પણ નિયમીત પાઠશાળા આવે છે તેમજ ધાર્મિક નિયમોને અનુસરીને અભ્યાસ ક્રમે આગળ વધીને પરિણામે ટોપ-૩માં નંબર મેળવી સમાજનું ગૌરવ વધારેલ છે, ઉપરોક્ત સમગ્ર સંચાલનનો યશ પાઠશાળામાં નિઃસ્વાર્થ ભાવે શિક્ષિકા તરીકે સેવા આપતા શ્રી જયણાબેન હસમુખભાઈ વારૈયાને ફાળે જાય છે.

# શિવનગર પ્રા.શાળામાં સલામતિ સપ્તાહ અંતર્ગત ૧૦૮નું ડેમોસ્ટ્રેશન યોજાયું



જમીલ મેમણ

ડીસા

તા.૨૭/૦૬/૧૮ બુધવાર ના રોજ ૧૦૮ ના ડીસાના પાયલોટ ભરતભાઈ અને તેમના સાથે ઈ.એમ.ટી. ઝાયદાબેને શાળાના તમામ શિક્ષકો અને બાળકોને ૧૦૮ અંતર્ગત સ્ટેચર, સ્પાઇનબોર્ડ, ઝોલી, બંધ હૃદયને ચાલુ કઈ રીતે કરવું, પ્રાર્થમિક સારવાર, પાટા પિંડી કઈ રીતે કરવી, દર્દીને સ્પાઇન બોર્ડમા કેવી રીતે સુવડાવવો, તમામ કર્મચારીઓ એ ગુજરાત ૧૦૮ની એપ ડાઉનલોડ કરી હતી વગેરે જેવી જીવન જરૂરિયાત ખૂબ જ કિંમતી માહિતી પૂરી પાડી હતી. આ પ્રોગ્રામમાં જમનાબાઈ સી.આર.સી કો.હિતેશભાઈ અને આચાર્ય ગીતાબેન અને શિક્ષક પરિવાર તથા બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક કાર્યક્રમ નિહાળ્યો હતો.

# કોદરામ હાઈસ્કૂલમાં મેડીકલ કેમ્પ યોજાયો

તા.પ્રતિ. વડગામ

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુસર વડગામના કોદરામ હાઈસ્કુલ સંસ્થાના પ્રમુખ સવજીભાઈ કે.ચૌધરી (બનાસબેંક પૂર્વ ડિરેક્ટર) ની અધ્યક્ષતામાં ગતરોજ મેડીકલ કેમ્પ યોજાયો હતો. એલઆઈસી દ્વારા ર્ડા.ડાભીએ બાળકોનું મેડીકલ ચેકઅપ કર્યું હતું. તથા તા.આરોગ્ય અધિકારી ર્ડા. વિક્રમભાઈ ગઢવીની સૂચનાથી કોદરામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૩૭૦ બાળકોના બ્લડગૃપ ચેક કરાયા હતા. આચાર્ય એમ.ડી.પંડ્યા, શિક્ષકગણે મેડીકલ કેમ્પનું સફળ સંચાલન કર્યું હતું. પ્રમુખ સવજીભાઈ કે.ચૌધરીએ યોગ-સાધના વિશે વિસ્તૃત બૌધ્ધિક જ્ઞાન આપ્યું હતું. કોદરામ હાઈસ્કુલ દ્વારા શિક્ષણની સાથે સાથે બાળકોના સર્વાંગિક વિકાસ હેતુસર ઈતર પ્રવૃત્તિઓ કાર્યરત છે. મેડીકલ કેમ્પમાં જુદી-જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓ, વાલીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# બ્રહ્મ સમાજના ઇષ્ટદેવ સામે અભદ્ર ટિપ્પણીથી રોષ

**પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકે ધાનેરાના દલિત શખ્સ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી**

પાલનપુર

બ્રહ્મ સમાજના ઇષ્ટદેવ શ્રી પરશુરામ ભગવાનના ફોટા સાથે સોશિયલ મીડિયામાં બ્રહ્મ સમાજ વિરુદ્ધ પોસ્ટ મુકાતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકોએ પોસ્ટ મુકનાર ધાનેરાના દલિત શખ્સ વિરુદ્ધ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે રજુઆત કરી ફરિયાદ નોંધાવી છે.

સોશિયલ મીડિયા ઉપર આજકાલ સમાજ વિરોધી પોસ્ટ મૂકી વર્ગ વિગ્રહ ઉભો કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં ધાનેરાના દલિત શખ્સે બ્રહ્મ સમાજના ઇષ્ટદેવ શ્રી પરશુરામ ભગવાનના ફોટા સાથે સોશિયલ મીડિયામાં બ્રહ્મ સમાજ વિરુદ્ધ બ્રાહ્મણ ભગાઓ દેશ બચાવો પોસ્ટ મુકતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પાલનપુરના બ્રહ્મ સમાજના યુવકો ગુજરાત ભગવા સ્વયં સેવક સંઘના અધ્યક્ષ અને પાલિકાના પૂર્વ સદસ્ય અશોકભાઈ પુરોહિત, મનોજભાઈ ઉપાધ્યાય, સાગરભાઈ જાની, દિવાકરભાઈ જોષી, કેવલભાઈ જોષી, પ્રતિકભાઈ પંડ્યા, કલ્પેશભાઈ જોષી, મિતુલભાઈ જોષીએ પોસ્ટ મુકનાર ધાનેરાના દલિત સમાજના નટવર પારંગી વિરુદ્ધ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે રજુઆત કરી હતી. જેમાં તેની તાત્કાલિક ધરપકડ કરવા જણાવ્યું હતું. આ અંગે અશોકભાઈ પુરોહિતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગૂનો નોંધી બ્રહ્મ સમાજ વિરુદ્ધ પોસ્ટ મૂકી શ્રી પરશુરામ ભગવાનનું અપમાન કરી બ્રહ્મ સમાજની ધાર્મિક લાગણી દુભાવનારા દલિત સમાજના શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# થરાદના નાગલામાં પુનર્વસન માટેની જમીનમાં આચરાયેલાં દબાણો હટાવાયાં

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના નાગલા ગામમાં ૨૦૧૫ અને ૨૦૧૭ ના પુરમાં ડુબમાં જવા પામ્યું હતું.આથી સરકાર દ્વારા આ ગામનું પુનર્વસન કરાવવાનો નિર્ણય કરાવવામ આવ્યો હતો.જેના માટે પંચાયત દ્વારા ગામતળમાં ૨૦ એકર ગામતળ મંજુર કરવામાં આવ્યું હતું.જેમાં રોડ ,રસ્તા અને પ્લોટનાં માપ બેસાડવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.જોકે ગામના સાતેક દબાણદારો દ્વારા આ જમીનમાં વાડા સ્વરુપે દબાણો કરવામાં આવ્યાં હતાં.આથી ગ્રામપંચાયત દ્વારા બુધવારે દબાણ દુર કરાવવાનો કાર્યક્રમ તાલુકાપંચાયતના અધિકારીની હાથ ધરવામાં આવ્યો હતો.જેમાં પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી ભીખાભાઇ ગુજોરે જણાવ્યું હતુ કે ગામમાં ૧૦ એકર અગાઉનું હતું અને ૧૦ એકર તાજેતરમાં મંજુર કરવામાં આવ્યું હતું.જેમાં મફત પ્લોટની ફાળવણી પણ કરવામાં આવેલી હતી.તંત્ર દ્વાર આશરે ૪૭૦ કરતાં પણ વધારે અસરગ્રસ્તોને પુનર્વસન માટે પરિવારોને સ્થળાંતર કરવામાં આવશે.ભુતકાળના બે વર્ષોમાં ગામમાં ભરાયેલા પુરના પાણી બાદ આગામી ચોમાસાને અનુલક્ષીને તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છેકે ચોમાસામાં આવેલ ભુતકાળના પુરમાં પાસપાસે આવેલ નાગલા, ખાનપુર અને ડોડગામ એમ ત્રણ ગામોમાં પાણી ભરાઇ જવા પામ્યાં હતાં.જે પૈકી સૌથી વધારે અસર નાગલા ગામમાં પાણી ભરાતાં થવા પામી હતી.

# વિકલાંગોને મળતી મામુલી સહાય વધારવાની માંગ

## મોંઘવારીમાં મામુલી સહાય મજાક સમાન

તા.પ્રતિનિધિ વાવ

વિકલાંગો પણ ઉન્નત મસ્તકે વટભેર જીવી શકે તે હેતુસર વર્તમાન સરકાર વિવિધ યોજનાઓ હેઠળ સાધન સહાય આપે છે અને ગુજરાત રાજ્યની હદમાં વિના મૂલ્યે મુસાફરી માટે ઓળખપત્રો આપે છે. તે ખરેખર ગૌરવદાયક છે પરંતુ વિકલાંગ કલ્યાણની મોટી મોટી વાતો વચ્ચે દિન પ્રતિદિન વધી રહેલ મોંઘવારીમાં સરકાર વિકલાંગોને સંત સુરદાસ યોજના તળે માસિક માત્ર છસો રૂપિયા જેટલી મામુલી રકમ આપી વિકલાંગોની ખરા અર્થમાં ક્રુર મજાક કરી રહી છે.

સાંપડતી માહિતી મુજબ વધુ વિકલાંગતા ધરાવનારને સમાજ સુરક્ષા દ્વારા આર્થિક સહાય પેટે સંત સુરદાસ યોજના તળે હાલમાં ફક્ત ૬૦૦ રૂપિયા ચુકવાય છે તે પણ મનીઓર્ડરથી જે ઘરઆંગણે જ મળતા હતા તે પણ વિકલાંગના ખાતામાં જમા કરવાની સરકાર જોગવાઈ કરી છે. જેથી કારમી મોંઘવારીમાં સાવ ઓછી આર્થિક મદદ સાથે સાથે બેંકો સુધી રઝળપાટ કરવાનો વિકલાંગોને વારો આવ્યો છે. હાલમાં જિલ્લાના ઘણા વિકલાંગોને છેલ્લા દસ દસ માસથી મનીઓર્ડર કે બેંકમાં પણ આ સહાય જમા થઈ નથી. જેથી કુદરતી લાચાર વિકલાંગો આ સંત સુરદાસ યોજનાના કેશડોલની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. વિકલાંગ કલ્યાણ સંસ્થાઓ ટ્રસ્ટો દ્વારા વિકલાંગોના હીત માટે વારંવાર મીટીંગો તેમજ રેલીઓ કરાય છે તેમજ જવાબદાર તંત્ર સુધી આવેદનપત્રો અપાય છે. છતાં જવાબદાર તંત્રને વિકલાંગોના હીતની પડી જ નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તો વિકલાંગોને દિવ્યાંગ જેવું રુપાળું નામ આપી નવાજ્યા છે ત્યારે આવા દિવ્યાંગ જેવું હુલામણું નામ આપી દેવાથી વિકલાંગો સક્ષમ નથી બની જવાના પરંતુ તેમને જરૂર છે આર્થિક સહયોગની અત્યારની કારમી મોંઘવારીમાં આ સહાયની રકમ વધારીને કમસેકમ એક હજાર તો કરવી જરૂરી છે તે પણ રાબેતા મુજબ પ્રતિમાસે મનીઓર્ડરથી ઘરઆંગણે ચુકવવામાં આવે તેવી વિકલાંગોની માંગ પ્રબળ બની છે.

### વિકલાંગની હૈયાવરાળ



આ બાબતે દૈયપના વિકલાંગ સમાજ સેજક કરશનભાઈ રાજપુતે જણાવ્યું હતું કે, આજની વધતી મોંઘવારીમાં સંત સુરદાસ યોજનાની આ કેશડોલ ૬૦૦ (છસો) રૂપિયા સાવ ઓછા કહેવાય તે પણ મનીઓર્ડરથી ઘરે મળતી આ કેશડોલ માટે વિકલાંગોને છેક બેંક સુધી ધક્કાઓ ખાવા પડે છે. જેથી વિકલાંગોની પળોજણમાં વધારો થયો છે. આ વિકલાંગોની ક્રુર મજાક નથી તો પછી શું છે ?

# ભાભર મામલતદારે માટી ભરેલી ટર્બો ટ્રક ઝડપી

## પંથકમાં મોટાપાયે ખનિજ ચોરી થતી હોવાની રાડ



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર પંથકમાં તળાવ, ખરાબા અને ગૌચરમાંથી માટી, રેતી અને પથ્થરની મોટાપાયે બેરોકટોક રોયલ્ટી ચોરી થઈ રહી હોવાની ઉઠેલી રાડ-ફરીયાદોના પગલે ભાભર મામલતદાર એ.આઈ.પટેલને મળેલ બાતમીના આધારે ગઈરાત્રે ભાભર તાલુકાના ઉજ્જનવાડા ગામના તળાવમાંથી માટી ભરીને કેનાલ ઉપરથી પસાર થતી ટ્રબો ટ્રકનં.જી.જે.૨૧ ટી ૬૨૯૧ ઝડપી પાડી હતી.ટ્રક ચાલક અને કંડક્ટર મામલતદારની ગાડી જોઈને ટ્રક મુકીને ભાગી ગયા હતા.મામલતદારે પોલીસને જાણ કરીને ટ્રકને ભાભર પોલીસ મથકે લઈ જવામાં આવી હતી.રાત્રે ખનીજ ચોરી કરતી ટ્રક ઝડપાતાં રોયલ્ટી ચોરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

આ બાબતે મામલતદાર પટેલે જણાવ્યું હતુ કે, ખનીજ ચોરી કરીને જતી ટ્રક ઝડપી કાર્યવાહી કરી છે.આગળની કાર્યવાહી ખાણ-ખનિજ વિભાગ પાલનપુર દ્વારા કરાશે.

# ભાટસણ પ્રા. આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર સતત ગેરહાજરી રહેતા હોવાની બુમરાણ

ભાટસણ

ભાટસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર સતત ગેરહાજર હોવાથી ભાટસણ તેમજ આજુબાજુના ૧૫ ગામના લોકોને ખૂબ તકલીફ પડે છે. તેમજ હાલમાં ભાટસણ ગામના ઠાકોર વિજાબેન ભોપાજી વિધવા હોવાથી તેમને સંકટ મોચનના તથા વિધવા સહાય માટે જરૂરી એવી ઉંમરનો દાખલો માટે ડોકટરનો દાખલા જોઈતા હોય છે.

પરંતુ આ દાખલો ના મળતા તેમને જગરાળ જાવાનું કહ્યું ત્યાં દાખલો ના મળતા તેઓ ધારપુર મેડિકલ કોલેજમાંથી દાખલો લાવેલ તેમજ શુખીબેન ભોણાજી ઠાકોર પણ હાલ દાખલા માટે રોજ ધક્કા ખાય છે.

# ડીસા ઇદગાહ પાસેની ડીપી છેલ્લા છ મહિનાથી બંધ હાલતમાં



જમીલ મેમણ

ડીસા

મળતી માહિતી મુજબ ડીસા ઈદગાહ પાસે આવેલ ડીપી છેલ્લા છે મહિનાથી બંધ હાલતમાં હોવાથી પ્રજાને ભારે હેરાગ્નિતી ભોગવી પડે છે વારંવાર વીજ કરનો ઉડી જવાથી લાખો રૂપીયાનું નુકસાન ભોગવવું પડે છે.

આ અંગે જાગૃત નાગરિકોએ ડીસા ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં જાણ કરતા બીજી ડીપીછેલ્લા ૬ મહિનાથી નાખેલ છે પરંતુ કોનેકશન ન આપતા વારંવાર એક ડીપી માં લોડ વહું પડતો અવાથી વિજકારનો ઉડી જાય છે જેથી તાંતલકાલિક વીજ ડીપી માં વીજ જોડાણ આપી ચાલુ કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોની માગણી છે.

# ડીસાના ધારાસભ્યના હસ્તે વૃક્ષારોપણ



તાજેતરમાં જ ડીસા મોડલ સ્કુલના પ્રવેશોત્સવ નિમિત્તે વૃક્ષારોપણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૃક્ષારોપણ કરતા ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યા સાથે મહેશભાઈ દવે જિલ્લા પંચાયત સદસ્ય, રાજાભાઈ ચૌધરી, સંજયભાઈ ગેલોત, મનીષ ટાંક, કિશોરભાઈ સાંખલા, પ્રગતિ અભિવાદન ગૃપના લલિતભાઈ દોશી, આચાર્ય નીતાબેન લીંબાચીંયા રહ્યા હતા.

# ડીસા આઈટીઆઈમાં માઈન્ડ પાવરનો વિશેષ સેમીનાર યોજાયો



ડીસા

ડીસા ખાતે આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં તાલીમાર્થી યુવાનોમાં નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સંવર્ધન થાય તથા તેઓ વ્યસન મુકત બને તે માટેનો એક દિવસીય વિશેષ કાર્યક્રમ સંપન્ન થયો.

સંસ્થામાં અભ્યાસ કરતા આશરે ૨૦૦ થી વધુ તાલીમાર્થીઓને ગાયત્રી પરિવારના પરિજન અને બાળ સંસ્કાર અભિયાનના પ્રશિક્ષકો એવા પ્રવિણભાઈ પંચાલ તથા જયંતિભાઈ ઓઝાએ તેમને મનની અગાધ શક્તિઓ તથા આત્મવિશ્વાસ કેવી રીતે વધે તે વિશે વીડીયો તથા પાવર પોઈન્ટર દ્વારા ખુબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું તથા ધ્યાનના માધ્યમથી પોતાની આંતરિક શક્તિઓને કેવી રીતે ખીલવી શકાય તેનો પણ પ્રત્યક્ષ અભ્યાસ કરાવ્યો હતો અને વિદ્યાર્થીઓના જીવનઘડતરના સિદ્ધાંતો સમજાવ્યા હતા. આ કાર્યક્રમથી સૌ તાલીમાર્થીઓ, ગુરૂજનો ગાયત્રી પરિવારની આ પ્રવૃત્તિઓથી ખુબ જ પ્રભાવિત થયા હતા. કેમ્પસ સંસ્થાના આચાર્ય મહાશ્વેતાબેન શાહે આ પ્રસંગે ગાયત્રી પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. જ્યારે સ્ટાફમિત્રો અને તાલીમાર્થીઓએ પણ ખુબ જ સહયોગ આપ્યો હતો.

<u>**મહિલા ઉત્કર્ષ સમિતી આયોજીત**</u>

# શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજ દ્વારા વિશ્વ યોગ દિન નિમિત્તે નિઃ શુલ્ક યોગ શિબિર યોજાઇ

પાલનપુર

આજે પાલનપુર નજીક આવેલ રિધ્ધી સિધ્ધી પાર્ટી પ્લોટ ખાતે શ્રી ધાન્ધાર મોઢ મોદી સમાજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા નિઃશુલ્ક યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોઢ મોદી સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

આ કાર્યક્રમમાં રોજિંદા જીવનમાં યોગનું મહત્વની સમજણ સાથે યોગ નિષ્ણાતો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમા કુદરતિ ઔષધીઓ માંથી બનાવેલ રસ ની વ્યવસ્થા રાખવામા પણ આવી હતી આ શિબિરનું સંચાલન મધુબેન એમ મોઢ પ્રમુખ, મુકેશભાઇ કે મોઢ પ્રમુખ, જિજ્ઞાબેન ડી મોઢ મંત્રી ભગવતીબેન મોદી, મહેન્દ્રભાઇ ડી મોઢ મંત્રી, જયેશભાઇ મોદી અને સુરેશભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.અને મોઢ મોદી મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા વધુમાં જાણવા મળેલ કે આ વર્ષની જેમ દર વર્ષે આવા નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવશે.

# અમીરગઢ બનાસ નદીમાં નવાં નિરની આવક



પ્રતિનિધિ અમીરગઢ

બનાસકાંઠામાં રાજસ્થાને અડીને આવેલા અમીરગઢમાં બનાસ નદીમાં પાણીના નવા નિર આવ્યા અંબાજી હડાદ આબુરોડ પીનવાળા સ્વરૂપગજ મા ભારે વરસાદ થવાથી અમીરગઢની બનાસ નદીમાં પાણી આવ્યું નવું પાણી આવા થઈ ગામ લોકોમાં ખુશીનો માહોલ જોવા માટે લોકોના જમાવડા થયા બીજી બાજુ અમીરગઢમા આજુબાજુના ગામોમાં વરસાદ સારો જોવા મળેલ છે ત્યાં જ અમીરગઢમાં હજુ સુધી મેગરાજાની એન્ટરી થઈ નથી તેથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

# વિશ્વ યોગ દિનની ઉજવણી

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ- શ્રીમતી કે.કે.શાહ આર્ટસ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કોલેજ-થરાના ઉપક્રમે તા.૨૧/૦૬/૨૦૧૮ ને ગુરૂવારના રોજ '' વિશ્વ યોગ દિવસ'' ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાસંગિક પ્રવચન પ્રિ.ડૉ. દિનેશકુમાર એસ. ચારણે કર્યું હતું. કોલેજના ફીજીકલ ડાયરેકટર પ્રા.એમ.ડી. પટેલે વિદ્યાર્થીઓને યોગાસનોની સમજ સાથે વિવિધ આસનો કરાવ્યા હતા. યોગ દિવસમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજનો તમામ શૈક્ષણિક-વહિવટી સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન પ્રા.દેવેન્દ્રસિંહ ડી.ઝાલાએ કર્યું હતું.

# જનસેવા એ જ પ્રભુસેવા ગૃપ દ્વારા તિથિ ભોજન કાર્યક્રમ યોજાયો

પાલનપુર

જનસેવા એ જ પ્રભુસેવા ગૃપ, પાલનપુર દ્વારા નેત્રદાન, દેહદાન, અંગદાન તથા વિવિધ સેવાકીય કાર્યક્રમો કરવામાં આવે છે. સેવાકીય કાર્યક્રમના ભાગરૂપે ઈન્દ્રીરાનગર પ્રાથમિક શાળા બાલમંદીર ખાતે, સલેમપુરા-વિસ્તારમાં આંગણવાડીના નાના બાળકો માટે તિથિ ભોજનનો કાર્યક્રમ યોજાયો. જેમાં બાળકોને પુરી, શાક, બુંદી, છાશનું ભોજન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગૃપના જયેશભાઈ બી.સોની, દિપીકા જે.સોની, જીગર સોની, પવનભાઈ પ્રજાપતિ, મોહનભાઈ ચાવડા, રાજુભાઈ પરમાર, હરચંદભાઈ ચૌહાણ, સુનીતાબેન પઢીયાર તથા આંગણવાડી સુપરવાઈઝર ડાઈબેન અને સ્ટાફના મિત્રો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# લાખણી તાલુકાના ગેળા અને માણકી ગામની સ્કૂલોમાં શાળા સલામતી સપ્તાહ કાર્યક્રમ યોજાયો



મુકેશ સોની

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકાની ગવર્મેન્ટ હાઈસ્કૂલ ગેળા, ગવર્મેન્ટ હાઈસ્કૂલ માંણકી અને કે.જી.બી.વી સ્કૂલ માંણકી માં ફાયર વિભાગ દ્વારા શાળા સલામતી અને આગ, પાણી જેવી અલગ અલગ આફત સામે આપણો બચાવ કરવો અને રક્ષણ કરવું જેની માહિતી થરાદ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા આપ સામેની પૂર્વ તૈયારી માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના બાળકો શિક્ષકો અને ગામ લોકો હાજર રહ્યા હતા.

# માળી સમાજ શૈક્ષણિક વિકાસ મંડળ, બનાસકાંઠા દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

ડીસા

માળી સમાજ શૈક્ષણિક વિકાસ મંડળ, બ.કાં. દ્વારા વર્ષઃ ૨૦૧૭-૨૦૧૮ ના તેજસ્વી તારલાઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજવા અંગે ડીસા ખાતે યોજાયેલ કારોબારી મીટીંગમાં નક્કી થયા મુજબ માર્ચ-૨૦૧૮ માં ધોરણ-૧૦ ભાઈઓ/બહેનો ૬૫ ટકા ધોરણ-૧૨ સાયન્સ સાયન્સ પ્રવાહ ભાઈઓ/બહેનો ૬૫ ટકા તથા તમામ સ્નાતક, અનુસ્નાતક, ડીપ્લોમા, પી.ટી. સી., બી.એડ્.એમ.એડ્. ૬૦ ટકા તેમજ રમત-ગમત વિભાગમાં રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ ભાગ લીધેલ તેમજ ડૉક્ટર, એન્જીનીયર, એમ.બી.એ., સી.એ., એલએલ.બી., પ્રોફેસર, નેટ, સ્લેટમાં ઉત્તિર્ણ થનાર તેમજ ૨૦૧૭-૧૮ માં નવીન સરકારી નોકરીમાં નિમણૂક પામેલ કર્મચારીઓનું સન્માન તેમજ ૨૦૧૭-૧૮ માં નિવૃત્ત થયેલ સરકારી કર્મચારીઓનું સન્માન કરવાનું હોઈ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની ખરી નકલ પાછળ પુરૂ નામ, સરનામું, મોબાઈલ નંબર સાથે તેમજ સરકારી કર્મચારીઓએ તેમની વિગત સાથે તા.૩૧-૦૭-૨૦૧૮ સુધીમાં દિપક હોટલ ડીસા, જી.જી.વિદ્યા સંકૂલ કાંટ રોડ, અનિલભાઈ કમલ ટ્રેડીંગ, રાણપુર રોડ ડીસા, આદર્શ હાઈસ્કૂલ માલગઢ, રાણાભાઈ માળી, જેઠાભાઈ પાર્ક ડીસા, ડૉ.સતીષભાઈ, ડૉ. રમેશભાઈ-પાલનપુર, અરજણભાઈ માળી થરાદ, ગણપતભાઈ સમી-આચાર્ય ભાભર, માળી સમાજ હોસ્ટેલ-દિયોદર તથા આઈ.સી. ગેલોત-પ્રમુખ એ.પી.પઢિયાર-મંત્રી નો સંપર્ક કરવા જણાવાયું છે.

# પાલનપુર હેડ પોસ્ટ ઓફિસ ખાતે કોર ઇન્ટીગ્રેટેડ સિસ્ટમ શરૂ

પાલનપુર

ભારતીય ટપાલ વિભાગ પણ હવે અન્ય વિભાગોની જેમ ટેક્નોલોજીમાં આગળ વધી પોતાની સેવાઓને હાઈટેક બનાવી રહ્યો છે ત્યારે બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર ખાતે આવેલી હેડ પોસ્ટ ઓફિસ ખાતે કોર ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી જેથી હવે પોસ્ટ ઓફિસમાં સ્પીડ પોસ્ટ, બચત જેવી વિવિધ સેવાઓનું કામ ઝડપથી થઈ શકશે. ગ્રાહકોને ઝડપથી અને ટૂંકા સમયમાં સારી સેવા મળી રહે તે માટે આ ટેકનોલોજીની શરૂઆત કરાઈ છે.આ ઉપરાંત પોસ્ટ ઓફિસ ખાતે આધારકાર્ડ કાઢવાની કામગીરી સાથે કયુ મેનેજમેન્ટ સિસ્ટમ પણ શરૂ કરાઈ છે જેમાં ગ્રાહકોને મશીન દ્વારા ટોકન આપી જે વિભાગનું કામ હોય તે કામ ઝડપથી પતાવી સમયનો બચાવ થઈ શકે તેવી સેવા પણ ઉપલબ્ધ કરાવાઈ છે.

અનુસંધાન પાના નં.૬

# ઢીમા ખાતે નવેસરથી બી.પી.એલ.યાદી તૈયાર કરવા ગ્રામજનોની માંગ

**બી.પી.એલ. યાદીમાં માલેતુજાર લોકોના નામ છે : સાચા લાભાર્થીઓ વંચિત**

પ્રતિનિધિ ઢીમા

વાવ તાલુકાના ઢીમા ખાતે ૧૬ વર્ષ અગાઉ તૈયાર કરાયેલી બી.પી.એલ. યાદીમાં વગ ધરાવતા અને માલેતુજાર લોકોના નામ છે જેથી તેઓ સરકારી સહાયનો લાભ મેળવી રહ્યા છે પરંતુ સાચા ગરીબ લાભાર્થીઓના નામ ન હોવાથી તેઓ સરકારી લાભથી વંચિત રહી જતા હોઈ નવેસરથી બી.પી.એલ યાદી તૈયાર કરવા માંગ કરી છે.

ઢીમા ગામમાં ૧૬ વર્ષ અગાઉ ૨૦૦૨માં બી.પી.એલ યાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં ચારથી પાંચ વીઘા જમીન ધરાવતા માલેતુજાર લોકોના નામ છે પરંતુ જેની પાસે બિલ્કુલ જમીન નથી અને જેઓ ગરીબ છે તેમના નામ નથી.જોકે દર પાંચ વર્ષે નવી બી.પી.એલ યાદી તૈયાર થતી હોય છે પરંતુ ઢીમા ગામમાં છેલ્લા ૧૬ વર્ષથી બી.પી.એલ યાદીમાં કોઈ સુધારો કરાયો નથી.

અનુસંધાન પાના નં.૬

<u>**પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઇશ્વરીય વિશ્વ વિધ્યાલય દિયોદર દ્વારા**</u>

# રાજયોગની બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં ઉજવણી



તા.પ્રતિનિધિ દિયોદર

૨૧મી જૂનના રોજ પ્રજાપતિ બર્હ્મકુમારીઝ વિશ્વ વિધ્યાલય દિયોદર ખાતે એ ડી ચૌહાણ નાયબ કલેકટર અને દિયોદર મામલતદાર પી એસ પંચાલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજયોગમાં કેન્દ્રની રાજયોગી હર્ષબને દ્વારા સર્વ મહેમાનોનું આવકાર પ્રદધર્ન કરેલ સર્વે મહેમાનો તથા ગામમાંથી પધારેલ સર્વે વડીલો માતાઓ બહેનો અને બાળકોનું આવકારલે તથા પ્રસંગેથી શોભામાં વધારો કરેલ રાધનપુર કેન્દ્રના રાજયોગીની પ્રેમીલાબેન દ્વારા રાજયોગની અનુભૂતી આપવામાં આવેલ એ ડી ચૌહાણ દ્વારા દરેક ભાઈઓ તથા માતાઓ અને બહેનોને કેન્દ્રમાં નિયત પણે આવીને કેન્દ્રની શોભા વધારવાનું કહેલ તથા મામલતદાર પી એસ પંચાલ દ્વારા રાજયોગથી થતાં ફાયદાઓ અને પોતાના વિચારો મજબુત કરવાની યક્તિ આપેલ. આ કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત રાજયોગીની જયશ્રીબેન દ્વારા કરવામાં આવેલ તથાસમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજયોગીની આશાબેન દ્વારા કરવામાં આવેલ.

# શ્રી જી.જી.મહેતા સ્ત્રી અધ્યાપન મંદિર, ચિત્રાસણીનું ગૌરવપૂર્ણ પરિણામ

પાલનપુર

બાલારામ સધન ક્ષેત્ર સમિતિ 'વિમળા જ્યોત' સંચાલિત શ્રી જી.જી.મહેતા સ્ત્રી અધ્યાપન મંદિર, ચિત્રાસણીનું એપ્રિલ-૨૦૧૮ માં લેવાયેલ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પરીક્ષા પ્રથમવર્ષ અને દ્વિતીયવર્ષનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે દ્વિતીયવર્ષમાં કુલ ૬૦ માંથી ૫૪ તાલીમાર્થી બહેનો વિશેષ યોગ્યતા સાથે, ૬-તાલીમાર્થી બહેનો પ્રથમવર્ગ સાથે

અનુસંધાન પાના નં.૬


## જાહેરાત / સુધારો

**હું નાગજી પારજી દરબાર રહે.શિહોરી, તા.કાંકરેજ, જિ.બ.કાં. મારી માલિકીની જમીન કાંકરેજ તાલુકાના શિહોરી ગામે આવેલ છે. તેમજ તેના માટે લોન લેવા એકસીસ બેંકમાં અરજી કરેલ છે તથા મારા ૭/૧૨ માં મારૂં નામ ઠાકોર નાગજી પાડજી છે. તે બન્ને નામ વાળી વ્યકિત હું એક જ છું. તે હું જાતે જાહેર કરી જણાવું છું.**

**લિ. નાગજી પારજી દરબાર**

**રહે. શિહોરી, તા.કાંકરેજ, જિ.બ.કાં.**

## તંત્રી સ્થાનેથી ...

### ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

# શાળામાં સાફ સફાઈને શિક્ષણનો ભાગ બનાવો

ભુજ તાલુકાના મોટા રેહા ગામની સરકારી શાળામાં વિદ્યાર્થીઓ પાસે સાફસફાઈ કરાવ્યાનો વીડિયો વાયરલ થતાં જાણે 'હાહાકાર' મચી ગયો છે. જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ તપાસના આદેશો બહાર પાડ્યાના અહેવાલ પણ છે. જાણે બહુ મોટો ગુનો બની ગયો છે. સૌ હાંફળાફાંફળા થઈ ગયા છે. અમે નાના હતા અને શાળામાં ભણતા હતા ત્યારે અમે અમારી શાળામાં અવારનવાર સાફસફાઈની કામગીરીમાં હોંશે હોંશે ભાગ લેતા હતા. ત્યારે ન અમને ત્યારે એમાં વાંધો હતો કે ન તો અમારા વાલીઓને. કેમ કે વાસ્તવમાં આ કાર્ય એક અર્થમાં વિદ્યાર્થીઓને પોતાના ઘરની જવાબદારીઓ સ્વીકારવા માટે પ્રેરણારૂપ બની શકે છે. તે દિવસોમાં વિદ્યાર્થીઓ પાસે માત્ર શાળાઓમાં જ સાફસફાઈ કરાવાઈ હોય એવું નથી બન્યું. બહુ સંખ્યા યાદ નથી પણ એક કરતાં વધુ વાર અમે તમામ વિદ્યાર્થીઓએ ગામની સફાઈમાં પણ ગૌરવભેર યોગદાન આપ્યું હતું. મતલબ કે ગામના ઉકરડા પણ હોંસે હોંસે સાફ કરવા વિદ્યાર્થીઓ નીકળી પડતા. પ્રસંગ સ્પષ્ટ યાદ નથી પણ સંભવતઃ તે ગાંધી જયંતિનો દિવસ હતો. ગાંધીજી સાફસફાઈ માટે જાત મહેનતને ખુબજ મહત્વ આપતા હતા. ઘણા ગાંધીવાદી ખાદીધારી લોકો પોતાના ઘરના જાજરૂ-મુતરડી જાતે સાફ કરતા. જો કે હવે એવા કે તેવા ગાંધીવાદીઓ રહ્યા નથી, પણ પ્રમાદી નેતાઓ વધી ગયા છે અને વાતવાતમાં વાંધાવચકા કાઢી ખંડનાત્મક- નેગેટીવ વિચારતા જોવા મળે છે.

અમારી શાળામાં શાળા પંચાયતની ચૂંટણી થતી. તેમાં એક મહામંત્રી અને બીજી વિવિધ સમિતિઓના મંત્રી રહેતા. મહામંત્રી મોનીટરનું કાર્ય કરતા અને શિક્ષકની ગેરહાજરીમાં અન્ય વિદ્યાર્થીઓ તોફાન ન કરે અને વાંચન કે લેખન કરતા રહે તે જોવાનું રહેતું. શાળા પંચાયતના બે મંત્રીઓ એવા રહેતા જે આજના ડંફાસુ ખંડનાત્માક વિચારો ફેલાવનારાઓ માટે પ્રેરણારૂપ કહી શકાય. આમાં એક પાણી મંત્રી રહેતા. એનું કામ રિશેષમાં પોતાના વર્ગના વિદ્યાર્થીઓને ક્રમબધ પાણી પીવડાવવાનું રહેતું. બીજા સાફસફાઈ મંત્રી રહેતા. તેનું કામ પોતાનો વર્ગકક્ષ સતત સાફ સુથરો રહે તે જોવાનું રહેતું. શાળા શરૂ થતાં પહેલાં પટાવાળો ઝાડું કાઢી જાય પછી કોઈ પણ વિદ્યાર્થી વર્ગ કક્ષમાં કાગળના ડૂચા, પેન્સીલની છોલ વગેરે જ્યાં ત્યાં ફેંકે નહીં તે જોવાની જવાબદારી આ સાફસફાઈ મંત્રીની રહેતી. વખતો વખત બધા વર્ગોના સાફસફાઈ મંત્રીઓ સાથે મળીને આખા શાળા સંકુલની ઝીણવટભરી સફાઈ શિક્ષકોની દેખરેખ હેઠળ કરતા. તેમાં જાજરૂ-મુતરડીનો પણ સમાવેશ થતો. સફાઇ મંત્રીઓ ઉપરાંત તેમની રાહબરીમાં દરેક વર્ગના વિદ્યાર્થીઓ આ સફાઇ ઝૂંબેશમાં જોડાતા. ત્યારે કોઈ કોઈ વચ્ચે ફરીયાદ લઈને શાળામાં ડંગલ મચાવવા દોડી નહોતા આવતા. અમે ઘરે જઈ સાફસફાઈની કાર્યવાહી અંગે વાત કરતા ત્યારે અમારા માતાપિતા કહેતા કે, 'દીકરા આવી જ રીતે ઘરમાં પણ સાફસફાઈમાં સેવા આપવાનું શિખો.' કહેવાનો મતલબ એ કે, શાળામાં વિદ્યાર્થીઓ પાસે સાફસફાઈ કરાવવામાં આવે તો તેથી બાળકોને પોતાના ઘર પણ સાફ રાખવાની પ્રેરણા મળી શકે છે. ખરેખર વિદ્યાર્થીઓ પાસેથી શાળામાં સાફસફાઈ કરાવીને શિક્ષકોએ ઈતિશ્રી માની નહી લેતાં, વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત લઈને તેમને તેમના ઘરમાં સાફ સફાઈમાં ભાગ લેવા પ્રેરણા આપવી જોઈએ. જેમ શાળામાં જ્યાં ત્યાં પડેલા કાગળના ડૂચા કે બીજો કોઈ કચરો દેખાય તે ઉપાડીને કચરા પેટીમાં નાખવાનું વિદ્યાર્થીઓને શિખવાડાય છે તેમ શિક્ષક જે તે વિદ્યાર્થીના ઘરની મુલાકાત લે ત્યારે ત્યાં કોઈ કચરો પડ્યો હોય તો તે બતાવીને ઉઠાવી લેવા વિદ્યાર્થીને પ્રેરણા આપવી જોઈએ. આમ કરવાથી વાલીઓને પણ તે ગમશે અને શાળામાં વિદ્યાર્થીઓ પાસેથી કરાવાતી આવી કામગીરી પ્રત્યેની સુગ અને ગુસ્સો ઘટશે. આવી પ્રવૃતિનો વિરોધ કરનારાઓએ એ યાદ રાખવું જોઈએ કે, વિદ્યાર્થીઓને સાફસફાઈ માટે પ્રેરણા આપીને શિક્ષકો કોઈ ભ્રષ્ટાચાર નથી કરતા.

પ્રાથમિક શિક્ષણાધિકારીએ રોહા મોટાની શાળાના મુખ્ય શિક્ષકને નોટીસ આપવા કરતાં તેમની પીઠ થાબડવી જોઈએ અને જે ફોટો વાયરલ થયો છે તેની નકલો બીજી શાળાઓને મોકલાવી આમાંથી પ્રેરણા લઈને દરેક શાળામાં આવી પ્રવૃતિ શરૂ કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. બાળકને સ્વાવલંબી બનાવવામાં આવી પ્રવૃતિ પ્રેરણારૂપ બની શકે છે. આ શરમજનક પ્રવૃતિ નથી પણ દરેક જગ્યાએ અપનાવવા જેવી પ્રવૃતિ છે. આને બાળકો પાસેથી લેવાતી વેઠ ગણવાની કોઈ જરૂર નથી. બાળકોને પોતાના ઘર માટે શાક કે કોઈ વસ્તુ લેવા માટે વાલીઓ મોકલતા હોય છે. તો તેને શું તમે વેઠ કહેશો ? તે વેઠ નથી, જીવન ઘડતરના શિક્ષણનો એક ભાગ છે.

શાળા સફાઈમાં વિદ્યાર્થીઓને યોગદાન પણ કોઈ વેઠ નથી, પરંતુ તેમના જીવન ઘડતરમાં ઉપયોગી થઈ શકે તેવા આડકતરા શિક્ષણનો એક ભાગ છે. શાળા સફાઈને વિદ્યાર્થીઓની ઈત્તર પ્રવૃતિનો નિયમાનુસારનો ભાગ બનાવી દેવાશે તો તેની સામેનો વાંધો ધીમે ધીમે લુપ્ત થઈ જશે. સાફસફાઈ સાથે વૃક્ષ ઉછેરની પ્રવૃતિમાં વિદ્યાર્થીઓનો લાભ લઈ શકાય. શિક્ષણ માત્ર ચોપડા વાંચીને જ નથી લેવાનું હોતું. જીવન કેવી રીતે જીવવું, બીજા પરનું અવલંબન ઘટાડીને જાતે પોતાના કાર્યો કેવી રીતે કરવા ? અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરવો ? તેનું શિક્ષણ પણબાળકને મળવું જોઈએ. રમતગમત, ચર્ચા સ્પર્ધા વગેરેની જેમ શાળા સફાઈ પણ વિદ્યાર્થીની ઈતર પ્રવૃતિનો ભાગ ગણાવવો જોઈએ. નહીતર આવતીકાલે કોઈ કહેશે કે 'અમે બાળકોને શાળામાં ભણવા માટે મોકલવીએ છીએ સાંજે રમત ગમત દ્વારા તેમને અધમુવા કરવા નથી મોકલતા.' જેમ રમતગમત વિદ્યાર્થીઓના શિક્ષણનો ભાગ છે તેમ શાળા સફાઈ પણ તેમના શિક્ષણનો ભાગ ગણવાનું ફરીથી શરૂ કરી દેવું જોઈએ.

<u>આત્મચિંતન</u>

## દૂરદર્શિતાનો બેવડો લાભ

વૈભવની દૃષ્ટિથી મોટા એ છે કે જેની પાસે સાધનોની પ્રચુરતા અને બુદ્ધિ કૌશલની પ્રખરતા છે. આવા લોકો ઐશ્વર્યવાન કહેવાય છે અને પોતાની સમર્થકતાના બદલામાં સુખ-સાધન અને પદ-સન્માન મેળવે છે.

વર્ચસની દૃષ્ટિએ તે મહાન છે કે જેમનો દૃષ્ટિકોણ અને ચરિત્રક્રમનો સ્તર ઉંચો છે. જેઓ આદર્શો પર આસ્થા રાખે છે અને તેઓને મૂશ્કેલ અવસરોમાં પણ જાળવી રાખવાના સાહસનો પરિચય આપે છે. મુક્તિને પરમ પુરૂષાર્થ માનવામાં આવે છે અને તેનો શ્રેયાધિકારી તેને ગણવામાં આવે છે મોટાઈને નહિ મહાનતાને પ્રેમ કરે છે.જ્યાં સુધી આત્મસંતોષ, લોકસન્માન અને દેવી અનુગ્રહ જેવી વિભૂતિઓનો સંબંધ છે, તે ધનવાનોને નહિ પરંતુ મહામાનવોને જ મળે છે.

દૂરદર્શી એ છે જેઓ ક્ષુદ્રતાથી ઉપર ઉઠીને મહાનતાનું વરણ કરે છે. વૈભવ નાશવંત અને અસ્થિર જ નહિ પણ માદક પણ છે. તેમાં ઉન્માદ ઉત્પન્ન કરવાનો દુર્ગુણ છે. મોટાભાગે તો તેનો દુરપયોગ જ થાય છે. તેનાથી વિપરીત મહાનતાની વિભૂતિઓ એવી છે જે વ્યક્તિની ગરિમા વધારે છે. ગરિમાની એ વિભૂતિ છે, જેના આધાર પર જન સહયોગ વરસે છે અને ઉચ્ચસ્તરીય સફળતાઓનો અવસર મળે છે. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## અમેરિકન એક્સપ્રેસ દ્વારા વર્ષ ૨૦૧૭માં પ્રતિ દિન ૫૦૦ નવા મર્ચન્ટ્સ ઉમેરાયા

નવી દિલ્હી

વિશ્વના સૌથી વિશાળ ઈન્ટિગ્રેટેડ પેમેન્ટ પ્લેટફોર્મ તથા કાર્ડ ઈસ્યુઅર અમેરિકન એક્સપ્રેસ દ્વારા વર્ષ ૨૦૧૭માં પ્રતિ દિન સરેરાશ ૫૦૦ નવા મર્ચન્ટ સાઈન અપ્સ સાથે તેના મર્ચન્ટ કવરેજમાં આક્રમક વિસ્તરણ કર્યું હતું.અમે ૨૦૧૭માં અમેરિકન એક્સપ્રેસ કાર્ડ્સ સ્વીકારનાર ૧૮૦૦૦૦ જેટલા મર્ચન્ટસનો ઉમેરો કર્યો છે. અમારી પાસે હવે વિવિધ કેટેગરીઝમાં અમારા સ્વીકારની પ્રક્રિયામાં નોંધપાત્ર સુધારો કર્યો છે જેમાં કાર્ડ મેમ્બર્સ રેસ્ટોરાં, રિટેલ આઉટલેટ્સ, હેલ્થકેર પ્રોવાઈડર્સ, હોટેલ્સ અને પેટ્રોલ પમ્પો પર તેનો ઉપયોગ કરી શકે છે. અમે આ માટે અમારા કાર્ડ મેમ્બર્સ તરફથી હકારાત્મક પ્રતિસાદ મેળવ્યો છે અને અમે વધુ નવી સહભાગિતા અને ઈનોવેટિવ સોલ્યુશન્સ સાથે નવા મર્ચન્ટ એક્વિઝિશન તરફ અમે આગળ વધીશું.'

અમેરિકન એક્સપ્રેસ નાના મર્ચન્ટ્સના સ્વીકાર પર લક્ષ આપે છે જેઓ રોજિંદા ખર્ચ અંગે સેવા આપે છે. હવે તે કેન્ટી સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ (સીએસડી), ભારત સરકારના સાહસમાં પણ સ્વીકારાશે, જેમાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા સંચાલિત તમામ મોટા મિલિટરી બેઝમાં ચાલતી ૩૫૦૦ યુનિટ રન કેન્ટીન્સ પણ સામેલ છે જ્યાં તેનો સ્વીકાર થશે.

## અમેયજી ડબલી : સંપૂર્ણ મનોરંજન પીરસનાર સંગીત થકી દેશને ડોલાવે છે

અમેયજી ડબલી એવું નામ છે જેઓ વિવધ સામાજિક પ્રસંગોમાં વિશિષ્ટ વિવિધતા સાથે આનંદ અને સંવાદિતાસભર સંપૂર્ણ મનોરજન આપે છે.આ પહેલને વધુ મજબુત બનવતા , ભારતભરમાં ભારતીય આર્મ્ડ ફોર્સીસના કોન્સર્ટ સીરીઝ માટે અમેયજીને આમંત્રણ મળેલ છે અમેયજી ડબલી અને પૂર્વી સોઆલીની સંયુક્ત ફર્મ એડી વેન્ચર્સે ખાસ સંગીતના માધ્યમ દ્વારા સમાજમાં યોગદાન આપવાની પ્રતિજ્ઞા કરેલ છે. દેશના હીરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેમને"એકમ સત્–મિશન ફોર નેશન "આઈ.પી.ની સ્થાપના કરી છે સરહદો અને સરહદ પર આનંદ અને ખુશીઓ ફેલાવવા કરી છે. આ સફરની બીજી સારી વાત એ છે કે અમેય અને તેની ટીમ આ કોન્સર્ટ મફતમાં- કોઈ પણ પરફોર્મન્સ ફી લીધા વગર કરી રહ્યા છે કેમકે અમેયજી અને પૂર્વી માને છે કે આ દેશના સાચા હીરો પ્રત્યેની તેમની ફરજ છે . એડી વેન્ચર્સ એક્સક્લુઝીવ , હાઈ એન્ડ , કોર્પોરેટ અને સોશિયલ મ્યુઝીક કોન્સર્ટ માટે દુનિયામાં જાણીતું છે એકમ સત્–એક સત્ય, એક માનવતા વર્લ્ડ મ્યુઝીક કોન્સર્ટનો મુખ્ય મંત્ર અમેયજી ડબલી દ્વારા તૈયાર કરાયેલ કર્ણપ્રિય મ્યુઝીકની અપ્રતિમ રજૂઆત છે.કોન્સર્ટ કબીરદાસ ,મીરાબાઈની કવિતાઓ,ગુરુનાનક ,બુદ્ધ ,ખ્વાજા, અમીર ખુશરો ,તુલસીદાસ , બાઈબલના ઉપદેશ તથા અન્ય શ્રેષ્ઠ સુફી, ફોલ્ક અને કન્ટેમ્પરરીનું મિશ્રણ છે. આ વિવધતાસભર કાર્યક્રમનો મુખ્ય હેતુ ભોગોલીક અને સામાજિક વિવિધતા ધરાવતા પ્રેક્ષકોના દિલ અને દિમાગને જોડી સમાજમાં શાંતિ લાવવા માટે અને આપણા સેનાના જવાનો માટે છે. સંરક્ષણ સેના ઉપરાંત, અમેયજી અને તેના બેંડ દ્વારા દેશ વિદેશમાં ૫૦થી વધુ કોન્સર્ટ કરવામાં આવેલ છે.. "એકમ સત્ એક સત્ય, એક માનવતા વર્લ્ડ મ્યુઝીક કોન્સર્ટ ટુર તેમના સ્ટ્રેસને દુર કરી તેમનાં ચહેરા પર આનંદદાયક સંગીત થકી ખુશી લાવવાનો અને તેમને આમ જનતા સાથે સાંકળવા માટેનો નાનો પ્રયાસ છે.આ સંગીત સફરને સુભાષ ઘાઈ, શ્યામક દાવર, રોની સ્ક્રુવાલા , રેયા પિલ્લાઈ અને પ્રહલાદ કક્કર, જેવાઓનો સહયોગ અને પ્રોત્સાહન છે કે જેમણે આ સમાજ આ સંદેશ ફેલાવવામાં મદદ કરી છે.

## આઈઆઈએમઅમદાવાદ ક્લીન મેક્સ સોલારના સ્થાપક કુલદીપ જૈનને યંગ એલ્યુમની અચીવરના એવોર્ડ સાથે સંમાનિત કર્યા

ક્લીનમેક્સ સોલરના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર કુલદીપ જૈનને આઈઆઈએમ અમદાવાદ તરફથી આન્ટ્રપ્રનર્શિપ વર્ગ ૨૦૧૭-૨-૧૮ના યંગ એલ્યુમની અચીવર્સએવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.આ એવોર્ડ કોલેજ કેમ્પસમાં પ્રો. ઈરોલ ડી' સોઝા,ડિરેક્ટર અને પ્રો.રાકેશ બસંત, ડીન, એલુમ્ની અને એક્સર્નલ રિલેશનના વરદ હસ્તે મળ્યો હતો. ક્લિનમેક્સ સોલર ભારતના કોર્પોરેટ ક્ષેત્રની સહુથી વિશ્વસનીય ઉર્જા સક્ષમ પાર્ટનર છે જેને કુલદીપ જૈન નામક કિન્સેના ઉર્જાઅને કોર્પોરેટ ફાઈનેન્સમાં પાર્ટનર શીપના ૧૨ વર્ષના અનુભવ પછી ૨૦૧૧ માં સ્થાપવામાં આવી હતી. સાતવર્ષનાગાળામાં, ઔદ્યોગિક અને વેપારી ક્ષેત્ર માટે રૂફટોપ સોલર સેગમેન્ટમાં ક્લીનમેક્સ સોલર અગ્રણી કંપની બની છે. વર્તમાન બજારમાં ૨૫%હિસ્સા (બ્રિજટુ ઈન્ડિયા ૨૦૧૭ અહેવાલ પ્રમાણે) અનેરૂ. ૧૨૦૦ કરોડની આવક સાથે, ક્લીન મેક્સ સોલર આગામી વર્ષોમાં ઝડપી દરે વધવાની તૈયારીમાં છે. કંપનીએ ૧૦૦ થી વધુ મેગાવોટની ઓપરેટિંગ ક્ષમતા ધરાવતી ભારતભરમાં ૨૫૦ જેટલા વ્યાપારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્ને સંચાલિત કર્યાછે અને કર્ણાટક અને તમિલનાડુમાં૩૦૦મેગાવોટથીવધુનીક્ષમતાધરાવતીસોલરફાર્મની સ્થાપના કરી તેના કોર્પોરેટ ગ્રાહકોને સૌરઊર્જા પૂરી પાડી છે. આ બધું કુલદીપજૈનની સક્ષમ નેતૃત્વ હેઠળ પ્રાપ્ત થયું છે કે જેમને નાની ઉંમરમાં નવીનીકરણીય ઉદ્યોગમાં એક ઓળખ ઉભી કરી છે અને એક નફાકારક કંપનીની સ્થાપના કરીછે જે ભારત સરકારની સ્થિરતા ધ્યેયને પહોચવામાં પણ મદદ કરે છે.

## પ્રથમ ખેલો ઈન્ડીયા (દિવ્યાંગ) સ્પર્ધા ગાંધીનગરના આંગણે



મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ દ્વારા ખેલો ઈન્ડીયા નોર્મલ રમતવીરો માટે આયોજન થયું હતું જેના અનુસંધાને દિવ્યાંગ રમતવીરો માટે ખેલો ઈન્ડીયા આયોજન કરવામાં આવે છે. મિનીસ્ટ્રી યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસદ્વારા ખેલો ઈન્ડીયામાં જિલ્લા રમતોત્સવ, રાજ્ય રમતોત્સવનું આયોજન દરેક રાજ્યોમાં કરવામાં આવેલ હતું. સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા દેશમાં સૌ પ્રથમ વખત ખેલો ઈન્ડીયા નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન માનસિકક્ષતિ ધરાવતા દિવ્યાંગરમતવીરો માટે કરવામાં આવી રહયું છે જેની સંપૂર્ણ જવાબદારી સ્પેશ્યલ ઓલિમ્પિકસ ભારત-ગુજરાત ને આપવામાં આવી છે. ખેલો ઈન્ડીયા (દિવ્યાંગ) નેશનલ ચેમ્પીયનશીપનું આયોજન તા.૦૫/૦૭/૨૦૧૮ થી તા.૦૯/૦૭/૨૦૧૮ દરમ્યાન ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. સ્પર્ધાની ઓપનીંગ સેરેમની તા.૦૬/૦૭/૨૦૧૮ ના રોજ સાંજે ૭.૦૦ વાગે ગુજરાત નેશનલ લો યુનીવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

ગુજરાત સરકાર દ્રારા દિવ્યાંગ રમતવીરો માટે સ્પેશ્યલ ખેલ મહાકુંભનું આયોજન, ખેલ મહાકુંભમાં વિજેતા દિવ્યાંગ રમતવીરોઓને રોકડ પુરસ્કાર, પ્રતિભા શાલી રમતવીરોને અને ખેલ પ્રતિભા પુરસ્કાર, નેશનલ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે સહાય આપવામાં આવે છે. સ્પેશ્યલ ખેલ મહાકુંભ દ્રારા વિજેતા દિવ્યાંગ રમતોવીરોને રોકડ પુરસ્કાર, મેડલ, ટિ – શર્ટ અને ટ્રેકશુટ આપવામાં આવે છે. તદઉપરાંત દિવ્યાંગો માટે ગુજરાત સરકારશ્રી દ્રારા ખેલકૂદ માટે નવી સ્પોર્ટસ પોલિસી – ૨૦૧૬ અમલમાં મૂકવામાં આવી છેજેના અંતર્ગત હવેથી વધુમાં વધુ દિવ્યાંગ રમતવીરો ગુજરાતના ખેલકૂદ રમતોત્સવમાં ભાગ લેશે અને પોતાના આગવા કૌશલ્ય દ્રારા પોતાની કારકિર્દી ઘડવાના અથાગ પ્રયત્નો કરી પોતાનું ઉમદા પ્રભુત્વ દેખાડી સફળતા મેળવી ગુજરાત રાજયનું નામ માત્ર ગુજરાત પૂરતું જ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ઉજ્જવળ કરશે.

## લેન્કસેસ દ્વારા મજબૂત પ્રથમ ત્રિમાસિક પછી નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે તેનું ગાઈડન્સ વધાર્યું

સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેન્કેસેસે તેના ઈતિહાસમાં ઉત્તમ ત્રિમાસિક પરિણામો નોંધાવીને સફળ નાણાકીય વર્ષ ૨૦૧૭નું અનુકરણ કર્યું છે અને ૨૦૧૮ માટે તેની આવકોનું ગાઈડન્સ વધાર્યું છેઆરંભિક ત્રિમાસિકમાં વૈશ્વિક વેચાણ ગયા વર્ષમાં ૨.૪૦૧ અબજ યુરોની તુલનામાં ૨.૫૬૫ અબજ સાથે ૭ ટકા વધ્યું છે. ઈબીઆઈટીડીએ પ્રી એક્સેપ્શનલ્સ વર્ષ પૂર્વેના ત્રિમાસિકમાં ૩૨૮ મિલિયન યુરોની તુલનામાં ૩૭૫ મિલિયન યુરો સાથે નોંધનીય રીતે ૧૪ ટકા સુધરી છે.

આ હકારાત્મક કામગીરીમાં મુખ્ય પરિબળોમાં મુખ્યત્વે ૨૦૧૭માં હસ્તગત કેમતુરા વેપારોના યોગદાનનો સમાવેશ થાય છે. ઉપરાંત ફેબ્રુઆરી ૨૦૧૮માં સોલવેમાંથી ખરીદી કરવામાં આવેલા ફોસ્ફરસ કેમિકલ્સ વેપારે તેનું પ્રથમ યોગદાન આપ્યું છે. નકારાત્મક કરન્સીની અસરોએ હકારાત્મક ઈબીઆઈટીડીએ કામગીરીમાં અવરોધ પેદા કર્યો હતો. ઈબીઆઈટીડીએ માર્જિન પ્રી એક્સેપ્શનલ્સ ૧૪.૬ ટકાએ ગત વર્ષ પર લગભગ એક ટકાવારી પોઈન્ટથી વધ્યું છે. ચોખ્ખી આવકમાં એક વર્ષ પૂર્વે ૭૮ મિલિયન યુરોની તુલનામાં ૯૬ મિલિયન યુરો સાથે ૨૩ ટકાની નોંધનીય સુધારણા થઈ છે.લેન્કસેસ તેના માર્ગ પર દઢતાથી વળગી રહી છે. ગ્રુપે નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે તેનું ગાઈડન્સ વધાર્યું છે અને હવે ઈબીઆઈટીડીએ પ્રી એક્સેપ્શનલ્સ ન્યૂ લેન્કસેસ સેગમેન્ટ્સ (એડવાન્સ્ડ ઈન્ટરમિજિયેટ્સ, સ્પેશિયાલ્ટી એડિટિવ્ઝ, પરફોર્મન્સ કેમિકલ્સ અને એન્જિનિયરિંગ મટીરિયલ્સ) માટે ૫ ટકા અને ૧૦ ટકા વધી છે.

## નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં આધારલોન વિતરણમાં ૫૫ ટકાની વૃદ્ધિ અને લોનબુકમાં ૫૦ ટકાની વૃદ્ધિ કરશે એવી ધારણા



અમદાવાદ

ડીએચએફએલ વૈશ્ય હાઉસિંગ ફાઈનાન્સ સાથે વિલીનીકરણ પછી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં વ્યૂહાત્મક પગલાં અને ભૌગોલિક પ્રસાર થકી આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ. એ નોંધનીય કામગીરી અને ઝડપી વૃદ્ધિ દર્શાવીછે. આધાર હાઉસિંગ ફાઈનાન્સ વિલીનીકરણ કંપનીએ તુલનાત્મક ધોરણે ગત નાણાકીય વર્ષની તુલનામાં ચોખ્ખા નફામાં ૩૦ ટકાનોવધારોનોંધાવ્યોછે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માંકંપનીએરૂ. ૧૦૦ કરોડનોનફોનોંધાવ્યોછે,

જે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માંરૂ. ૪૯ કરોડહતો. કુલ આવક વર્ષ અગાઉના સમયગાળામાંરૂ. ૫૪૩ કરોડપરથીરૂ. ૭૯૮ કરોડ સુધી વધી છે.લોનવિતરણ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માંરૂ. ૨૩૦૦ કરોડ સામે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માંરૂ. ૩૯૦૦ કરોડ સુધી વધ્યું છે. ગ્રોસરિટેઈલએનપીએ (એયુએમપર) ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ ૦.૫૮ ટરારહીછે. કુલએસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) નાણાકીયવર્ષ ૨૦૧૬-૧૭માંરૂ. ૪૯૯૧ કરોડ પરથી નાણાકીય વર્ષ ૨૦૧૭-૦૧૮નાઅંતેરૂ. ૭૯૬૬ કરોડ સુધી વધી છે. આધાર હાઉસિંગ ફાઈનાન્સ સરેરાશ રૂ. ૮ લાખની લોન સાથેના આર્થિક કમજોર વર્ગ અને ઓછી આવકના વર્ગપર વધુ કેન્દ્રિત રહે છે. કંપનીની ફિલોસોફી દરેકે માટેઘરછે, જેસાથે તે પૂરતા આવકના પુરાવાઓ નહીં હોય તેવા પગારદારો, નાના વેપારો અને અવિધિસરવર્ગોની હોમલોનની જરૂરતોને પહોંચી વળે છે.હાઉસિંગફોરઓલયોજનાએએફોર્ડેબલહાઉસિંગફાઈનાન્સસેગમેન્ટને મોટી ગતિ આપી છે, જેને લીધ`વિલીનીકરણ થયેલી કંપનીની કામગીરી નાણાકીયવર્ષ ૨૦૧૭-૧૮માંઉત્કૃષ્ટરહીછે. આધાર હાઉસિંગ ફાઈનાન્સ વર્તમાનવર્ષમાં ૭૫,૦૦૦ નવાં ખાતાંનો ઉમેરો કરતાં વિતરણમાં ૫૫ ટકાની વૃદ્ધિ હાંસલ કરવાની ધારણા રાખેછે, જેસાથેતે ૦.૫ ટકાનીએનપીએજાળવીરાખશે.

## અવીવાએ એઆઈ અને મશીન લર્નિંગ દ્વારા વાતચીત કરવા સક્ષમ કોમ્પ્યુટર સોલ્યુશન અલિશા લોન્ચ કર્યુ

ભારતની અગ્રણી ખાનગી વિમા કંપનીઓમાંની એક અવિવા લાઈફ ઈન્સ્યોરન્સએ યુએસએમાં બોસ્ટનમાં હેડ ઓફિસ ધરાવતી કોગનિટીવ અને એઆઈ સોલ્યુશન (ચેટબોટ) કંપની ફાઈન્ડએબિલિટી સાયન્સના સહયોગ સાથે કન્વર્સેસનલ કોમ્પ્યુટિંગ સોલ્યુશન - ચેટબોટ (વાતચીત કરી શકે તેવો કોમ્પ્યુટર આધારિત ઉપાય) અલિશાને લોન્ચ કરવાની ઘોષણા કરી છે. અલિશા આઈબીએમ વોટશનના કન્વર્સેસનલ એપીઆઈ ઉપયોગ કરે છે અને તે કોઈપણ સ્થળે અને સમયે ઈન્સ્યોરન્સ માટે અર્થસભર માર્ગદર્શન પ્રદાન કરવાના અવીવાના હેતુને સિદ્ધ કરશે. અલિશા ગ્રાહકોને તેમના માટે યોગ્ય લાઈફ ઈન્યોરન્સ પ્લાનની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપીને મદદરૂપ થશે.ચેટબોટ, અલિશા-અવીવા લાઈફ ઈન્સ્યોરન્સ સેલ્ફ હેલ્પ આસીસ્ટન્ટ ભારતના કેટલાક શરૂઆતના નેચરલ લેન્ગવેજ પ્રોસેસેર-એનએલપી નો ઉપયોગ કરતું કન્વરસેસનલ કોમ્પ્યુટિંગ સોલ્યુશન છે.

તે ગ્રાહકના પ્રશ્નોને એક વ્યકિતની જેમ સમજી માનવીયરીતે નૈસર્ગિક ભાષામાં જવાબો આપે છે. અલિશા અવીવા લાઈફ ઈન્સ્યોરન્સના વર્તમાન અને ભાવી ગ્રાહકોને વિવિધ ઈન્સ્યોરન્સ પોલિસીની માહીતી અને તેમના પશ્નોના જવાબો વર્ષના પ્રત્યેક દિવસ ૨૪ કલાક ઉપલબ્ધ કરાવે છે. અવીવા લાઈફ ઈન્સ્યોરન્સ એક અગ્રણી ફિનટેકન હોવાથી ટેકનોલોજીની ઉપયોગીતા સમજે છે,

અને ગ્રાહકોને સરળ અને અનોખો આગામી સ્તરનો અનુભવ પ્રદાન કરવા માટે અવીવા એ અલિશાની શરૂઆત કરી છે. અલિશા અત્યારે avivaindia.com પર લાઈવ છે અને અવીવા ઈન્ડીયાના અધિકૃત ફેસબુક પેજ પર છે.

## વીઆઈપી બેગ અને કાર્લટન સાથે વિશ્વની યાત્રા કરો



બેગ ખરીદતી વખતે, આપણને મોટેભાગે ત્રણ પ્રશ્નો થાય છે જેમ કે, આ બેગ કેટલા સમય સુધી ચાલશે ?, મારા બજેટમાં આવશે કે નહિ?, શું આ ક્લાસી(સર્વોપરી) લાગશે કે નહિ? પરંતુ, વીઆઈપી બેગ્સ અને કાર્લ્ટોન આ પ્રશ્નોનો ઉકેલ લાવી શકે છે. આ બેગની વિશાળ વોરંટી પોલિસી છે. હકીકતમાં, કાર્લ્ટોન એજમાં એર લાઈન ડેમેજનો પણ સમાવેશ થાય છે. આ સ્ટાઈલિસ બેગ્સ ખૂબ જ આર્થિક કિંમતવાળી છે અને એક-વખતનું રોકાણ છે.સુસંસ્કૃત, સ્ટાઈલિશ અને આરામદાયક, આ બેગ ચોક્કસપણે તમારા પ્રવાસ માટે ભાગીદાર હોવું જોઈએ.

## એડલવાઈસ એસએમઈ લેન્ડીંગ દ્વારા તેના એસએમઈ પાર્ટનર્સની પ્રગતિને સલામ કરવા અને સહયોગ આપવા ઈન્ટરનેશનલ એસએમઈ દિવસની ઉજવણી કરી



અમદાવાદ

એડલવાઈસ ફાઈનાન્સિયલ સર્વિસિઝ લિ.ના રિટેલ વિભાગ એડલવાઈસ એસએમઈ લેન્ડીંગ દ્વારા આજે ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ સ્મોલ એન્ડ મિડિયમ-સાઈઝ્ડ એન્ટરપ્રાઈઝીસ (એસએમઈ) ડેની તેની અમદાવાદ ખાતેની શાખા ખાતે ઉજવણી કરવામાં આવી હતી.યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બ્લી દ્વારા દર વર્ષે ૨૭ જૂને ઈન્ટરનેશનલ એસએમઈ દિવસ તરીકે નિશ્ચિત કરાયો છે જેથી એમએસએમઈ અને એસએમઈનું મહત્ત્વ વૈશ્વિક વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે રહેલું છે તેની ઓળખ થઈ શકે. 'એડલવાઈસ ખાતે અમે ઈકોનોમીને વેગ આપતા એસએમઈના નોંધપાત્ર યોગદાનની ઓળખ કરીએ છીએ. આજની આ ઉજવણી તેમના આ યોગદાનને બિરદાવવા માટે અને તેઓની સાથે લાંબા ગાળા સુધી સહભાગિતા જાળવી રાખવા માટે કરાઈ છે. તેનાથી આગળ અમારો હેતુ આને વાર્ષિક ઈવેન્ટ બનાવવાનો છે. અમે સમયસરના ફાઈનાન્સની આવશ્યકતા સમજીએ છીએ અને આ આવશ્યકતાને અમારા ગ્રાહકલક્ષી પ્રોડક્ટ ફ્રેમવર્ક થકી પરિપૂર્ણ કરવાની સમજણ ધરાવીએ છીએ.'આ દિવસની ઉજવણી 'લિમિટેડ ટુ અનલિમિટેડ - સેલિબ્રેટિંગ એન્ટરપ્રેનોરશીપ, અનલોકિંગ વેલ્યુ' થીમ પર કરવામાં આવી હતી, જેનો હેતુ ભારતની વિકાસ ગાથાને વેગ આપનારા ભારતીય ઉદ્યોગસાહસિકોને બિરદાવવાનો હતો. આ ઉજવણી સમયે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ ડો. જયમીન આર. વસા તેમજ એડલવાઈસ ના એસએમઈ ગ્રાહકો અને કંપનીના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ દિવસ ગુજરાતના આણંદમાં દેશના એસએમઈ બિઝનેસની ૧૦૦મી શાખાના પ્રારંભ તરીકે પણ કરવામાં આવ્યો હતો. ભારતની સાફલ્યગાથાઓમાંની એક ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. (જીસીએમએમએફ)ની જાણીતી દૂધ અને ડેરી પ્રોડક્ટ્સની બ્રાન્ડ અમુલથી પ્રેરિત થઈને એડલવાઈસે તેની ૧૦૦મી બ્રાન્ચ આણંદ ખાતે લોન્ચ કરવાનું નક્કી કર્યુ હતું. અમુલ અનેક ઉગતા બિઝનેસીસ માટે પ્રેરણારૂપ છે. ડેરી ફાર્મર્સના નાના સાહસથી શરૂ કરીને આજે અમુલ મોડેલ ભારતને દુનિયાના સૌથી વિશાળ દૂધ ઉત્પાદક તરીકે વિકસવા મદદ કરે છે. અમુલ એ આજે એસએમઈ માટે ખરેખર એક રોલ મોડેલ સમાન છે.

કંપની આજે આ દિવસની ઉજવણી માટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) ખાતે ખાસ કાર્યક્રમમાં પણ કો-હોસ્ટ તરીકે પણ રહી હતી.

એડલવાઈસ આ સેક્ટરમાં ક્રેડિટની આવશ્યકતાને અનુલક્ષીને સતત કાર્યરત રહે છે. એડલવાઈસ એસએમઈ લેન્ડીંગ દ્વારા એપ્રિલ ૨૦૧૭માં ૧૭ સ્થળોએ શરૂઆત કરવામાં આવી હતી અને ત્યારથી તે તેની શાખાઓ વધારતી રહી છે અને આજે દેશભરમાં તેની ૧૦૦ શાખાઓ બની છે.

## ઝી સિનેમા પ્રિમિયર કરે છે, અનુષ્કા શેટ્ટીની થ્રિલર ભાગમથીનો ૧લી જુલાઈ રવિવાર, રાત્રે ૯ વાગ્યે



અરુંધતિ, રૂદ્રમાદેવી અને બાહુબલીમાં જીવનભર યાદગાર રહે તેવા અર્થપૂર્ણ પાત્ર કર્યા બાદ, ટેલિવૂડની પસંદગીની યુદ્ધવીર રાજકુમારી, અનુષ્કા શેટ્ટી તેની હોરર થ્રિલર મૂવી ભાગમથી સાથે પાછી ફરી રહી છે. ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટર જકડી રાખતી થ્રિલરનું પ્રિમિયર કરી રહી છે આ રવિવાર, ૧લી જુલાઈના રોજ રાત્રે ૯ વાગ્યે. ભાગમથી એ એક ત્રણ ભષાની મૂવી છે, જેને પ્રતિભાશાળી જી. અશોક દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તેના કલાકારોમાં અનુષ્કા શેટ્ટી, મુરલી શર્મા, પ્રભાસ શ્રીનુ, ઉન્ની મુકુન્દમ, જયરામ અને આશા સારથનો સમાવેશ થાય છે. અત્યંત આકર્ષક પળોની સાથે આ મૂવી કપટ, વેર, નાટક, રાજકારણ અને એક્શનનું સંપૂર્ણ મિશ્રણ છે. મૂવીની હાઈલાઈટ જોઈએ તો, અનુષ્કા બે અલગ- અલગ પાત્ર ભજવે છે- એક સુંદર આઈએએસ અધિકારી ચંચલ જે એક રાજકીય રમતમાં ફસાય છે અને ભયંકર, આશ્ચર્યજનક ભાગમથી જે દર્શકો માટે યાદગાર રહેશે. આ મૂવીની રોમાંચક કથા, પ્રભાવશાળી પટકાથાની સાથે તથા અલગ પરિસ્થિતિના અનઅપેક્ષિત વણાંકોની મદદથી તે એક અલગ જ વૃતાંત ધરાવે છે, જે ધીમે-ધીમે વાર્તાને આગળ વધારે છે.આ મૂવીની વાર્તા ચંચલા (અનુષ્કા શેટ્ટી), એક આઈએએસ અધિકારીની આસપાસ ફરે છે, જે તેના ફિઆન્સના ખૂનના આરોપમાં જેલમાં છે. કેટલાક સરકારી અધિકારી તેને ઈશ્વર પ્રસાદ (જયરામ) એક સ્વચ્છ રાજકારણીની ઈમેજ બદલવા માટે તેનો ઉપયોગ કરવાનું નક્કી કરે છે. સીબીઆઇ અધિકારી વૈશ્નવી રેડ્ડી (આશઆ શારથ) ચંચલાને જેલમાંથી એક એવી જગ્યાએ મોકલી દે છે, જેના માટે એવુ કહેવાય છે કે, તે જગ્યામાં ભાગમથી એક ક્રુર રાણીનું ભૂત છે. એ મેન્શન અત્યંત ધીમી લાઈટ, હલન-ચલન કરતા દરવાજા અને અન્ય બિહામણી તત્વોથી ભરેલું છે. અચાનક જ આસપાસના લોકોને એવું લાગે છે કે, ચંચલામાં કોઈ આત્માનો વાસ છે. આ વંટોળથી ભરપૂર પ્રવાસ, જ્યાં મંદિરો, કેટલીક અમૂલ્ય પ્રાચીન મૂર્તિઓ, નિર્દોષ ગ્રામવાસીઓ, કાવતરા, ગંદુ રાજકારણ અને બધાથી વધુ એક શક્તિશાળી રાણીની વાર્તા સામેલ છે, તેમાં આગળ શું થાય છે.રાણી ભાગમથી અને આ ભૂતિયા જગ્યા પાછળની વાર્તા શું છે અને આમાં કોણ જીતશે ચંચલા કે પછી ભાગમથી?

## "જોશ બટલર ધોની કરતા પણ શ્રેષ્ઠ છે" : ઑસ્ટ્રેલિયા ટીમ કેપ્ટન ટિમ પેન



લાંબા સમયથી મહેન્દ્ર સિંહ ધોનીને વનડે ક્રિકેટમાં દુનિયાનો સૌથી શ્રેષ્ઠ વિકેટકીપર બેટ્સમેન માનવામાં આવે છે, પરંતુ ઑસ્ટ્રેલિયાઈ ટીમનાં કપ્તાન ટિમ પેનનું માનવું છે કે ઈંગ્લેન્ડનો જોશ બટલર અત્યારનાં સમયમાં પૂર્વ ભારતીય કપ્તાન કરતા આગળ છે.બટલર અત્યારે શાનદાર ફૉર્મમાં છે અને તેણે ઑસ્ટ્રેલિયા સામે ઈંગ્લેન્ડની ૫-૦ની જીતમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. રવિવારે સીરીઝની પાંચમી મેચમાં બટલરે અણનમ ૧૧૦ રન ફટકાર્યા હતા અને એકલા હાથે ઈંગ્લેન્ડને જીત અપાવી હતી. બટલરે આ સીરીઝમાં સદી ફટકારવા ઉપરાંત ૯૧ અને અણનમ ૫૪ રનની મદદથી ૨૭૫ રન બનાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાનાં કેપ્ટન ટિમ પેને કહ્યું કે, "તે જોરદાર ખેલાડી છે, અત્યારનાં સમયમાં તે ઘણો સારો ખેલાડી છે. તે એકદિવસીય ક્રિકેટમાં દુનિયાનો સર્વશ્રેષ્ઠ વિકેટકીપર બેટ્સમેન છે. મને લાગે છે કે દુનિયામાં તેના સ્તરનો બીજો કોઇ વિકેટકીપર બલ્લેબાજ નથી."

પેને કહ્યું કે, "ધોની પણ સારો ખેલાડી છે, પરંતુ હાલનાં સમયમાં બટલર પોતાના સર્વશ્રેષ્ઠ ફૉર્મમાં છે. તે એકદિવસીય ક્રિકેટને સારી રીતે સમજે છે. તેને તેની મજબૂત ટીમની ખબર છે." આઈપીએલમાં રમ્યા બાદ બટલરની બેટિંગમાં ઘણો સુધારો આવ્યો છે. તેણે રાજસ્થાન રૉયલ્સ તરફથી રમતા આઈપીએલમાં લગભગ ૬૦૦ રન ફટકાર્યા હતા.

## ચેન્નાઈના ૧૨ વર્ષના પ્રજ્ઞાનંદે ઈતિહાસ રચ્યો, બન્યો સૌથી યુવા ચેસ ગ્રાન્ડમાસ્ટર



ચેન્નાઈના આર પ્રજ્ઞાનંદે શનિવારે ઈતિસાહ સરજ્યો છે. ૧૨ વર્ષ ૧૦ મહિના અને ૧૩ દિવસના પ્રજ્ઞાનંદ બીજો સૌથી યુવા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યો છે. યુક્રેનના સર્જીએ ૧૨ વર્ષ સાત મહિનાની ઉંમરમાં વર્ષ ૧૯૯૦માં શીર્ષક જીત્યું હતું. જોકે, તેઓ આ દુનિયામાં નથી. અને પ્રજ્ઞાનંદ સૌથી યુવા જીવિત ગ્રાન્ડમાસ્ટર છે.વર્લ્ડ ચેમ્પિયન કાર્લ્સસન ૧૩ વર્ષ ચાર મહિનાના હતા. જ્યારે તેમણે આ શીર્ષક જીત્યું હતું. ભારતના સૌથી મોટા ચેસ સ્ટાર વિશ્વનાથન આનંદે આ જીત ૧૮ વર્ષની ઉંમરે મળવી હતી. ઈટાલીમાં ચાલી રહેલા ગ્રાડિન ઓપનમાં પ્રજ્ઞાનંદે શાનદાર દેખાવ કર્યો હતો.

તેમણે શાનદાર પ્રદર્શન કરતા નવ રાઉન્ડમાં નેધરલેન્ડના પ્રુઝિસર્સની સાથે ડ્રો મેચ રમી હતી. આ સાથે જ તેમણે આ શીર્ષક મેળવી લીધું હતું. પ્રજ્ઞાનંદ વર્ષ ૨૦૧૭માં વર્લ્ડ જૂનિયરમાં પહેલુ ગ્રાન્ડ માસ્ટર નોર્મ મેળવ્યું હતું. તેમને બીજું ગ્રાન્ડ માસ્ટર નોર્મ ગ્રીસમાં યોજાયેલા ક્લોઝ રાઉન્ડ રોબિન ટૂર્નામેન્ટમાં મળ્યું હતું.

પ્રજ્ઞાનંદની બહેન વૈશાલી પણ ચેસરમે છે. બહેનને જોઈને પ્રજ્ઞાનંદને ચેસ રમવાની પ્રેરણા મળી છે. શરૂઆતમાં પ્રજ્ઞાનંદના પિતા ઈચ્છતા ન્હોતા કે તે ચેસ રમે કારણે મધ્યમવર્ગના પરિવારના બે બાળકોનો ખર્ચો ઉઠાવવો શક્ય ન્હોતો. આમ છતાં પણ પ્રજ્ઞાનંદે ચેસ શિખવાની શરૂઆત કરી હતી.બહેને તેને ચેસ શિખવાડવાની શરૂઆત કરી હતી. જોકે, તેમના આ ઉપલબ્ધીથી આખો પરિવાર ખુબ જ ખુશ છે. તેમની જીત બાદ ટ્વિટર ઉપર લોકોની શુભેચ્છાઓ મળી રહી છે. પાંચ વર્ષથી વર્લ્ડ ચેમ્પિયન વિશ્વનાથન આનંદે ટ્વીટ કરીને પ્રજ્ઞાનંદને જીતની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ભારતીય ટીમનાં ૪ ખેલાડીઓ ઈંગ્લેન્ડની ધરતી પર રેકોર્ડસ સર્જશે









ભારતીય ક્રિકેટ ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યો છે. BCCIએ ટી-૨૦ અને વનડે સીરીઝ માટે ભારતીય ટીમ જાહેર કરી દીધી છે. ભારતે ઈંગ્લેન્ડમાં ૩ ટી-૨૦, ૩ વનડે અને ૫ ટેસ્ટ મેચ રમવાની છે. ઈંગ્લેન્ડ પ્રવાસની શરૂઆત ૩ જુલાઈનાં પ્રથમ ટી-૨૦થી થશે. આમ તો ક્રિકેટ પ્રેમીઓની નજર સમગ્ર સીરીઝ પર રહેશે, પરંતુ આ સીરીઝમાં કેટલાક ખાસ રેકોર્ડ્સ બનશે. ભારતીય ટીમનાં ૪ ખેલાડીઓ ઈંગ્લેન્ડની ધરતી પર રેકોર્ડસ સર્જશે.

### ટીમ સ્પીરીટ

ભારતીય ટીમનો ઝડપી બોલર ભુવનેશ્વર કુમાર પોતાની ૧૦૦મી વનડે વિકેટથી ફક્ત ૧૦ વિકેટ દૂર છે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન જો ભુવનેશ્વર કુમાર ૧૦ વિકેટ લેશે તો તે વનડેમાં ૧૦૦ વિકેટ લેનારો ૧૯મો બોલર બની જશે. ઈંગ્લેન્ડમાં ભુવનેશ્વર કુમાર મહત્વનો સાબિત થઈ શકે છે.

વનડે ક્રિકેટમાં ૩ બેવડી સદી ફટકારનારો રોહિત શર્મા 'હિટમેન' તરીકે જાણીતો છે. રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ હજાર રનથી ફક્ત ૭૫ રન દૂર છે. રોહિત શર્મા જો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ૭૫ રન બનાવી લેશે તો તે આંતરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦ હજાર રન કરનારો ૧૩મો ખેલાડી બની જશે.

ભારતીય ટીમનો પૂર્વ કપ્તાન મહેન્દ્ર સિંહ ધોની પણ ૧૦ હજાર રનની નજીક છે. ધોની વનડેમાં ૧૦ હજાર રનથી ફક્ત ૩૩ રન જ દૂર છે. તો આ સાથે ધોની એવો પહેલો ક્રિકેટર હશે જે ૫૦થી વધારેની સરેરાશથી ૧૦ હજાર રન પુરા કરશે.

ભારતીય ટીમનો કેપ્ટન વિરાટ કોહલી દરેક મેચમાં રેકોર્ડ્સ બનાવતો હોય છે. વિરાટ કોહલી ટી-૨૦માં સૌથી ઝડપી ૨ હજાર રન બનાવવાથી ફક્ત ૧૭ રન દૂર છે.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧. આ વર્ષે કઈ મહિલા ખેલાડીએ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

૨. આ વર્ષે કયા ખેલાડીએ ૧૧ મી વખત ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો ?

૩. હાલમાં વિશ્વમાં ઓપન એરમાં સૌથી વધુ 'મેન્સ સીંગલ્સ' ટાઈટલ્સ જીતનાર ખેલાડી કોણ ?

૪. હાલમાં વિશ્વમાં સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર પછી સૌથી વધુ ગ્રાન્ડસ્લેમ જીતવાનો રેકોર્ડ કયો ખેલાડી ધરાવે છે ?

૫. હાલમાં વિશ્વમાં ૧૧ વખત મોન્ટ કાર્લો માસ્ટર્સ ચેમ્પિયનશીપ ૧૧ વખત બાર્સેલોના ઓપન ચેમ્પિયનશીપ તથા ૧૧ વખત ઓપન ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયનશીપ જીતનાર એક માત્ર ટેનીસ ખેલાડી કોણ છે ?

૬. હાલમાં જ કયા દેશે મુંબઈમાં રમાયેલ ઈન્ટરકોન્ટી નેન્ટલ ફુટબોલ કપ જીત્યું હતુ ? કયા દેશને હરાવીને ?

૭. ૨૦૧૮ ફુટબોલ વિશ્વકપમાં વિજેતા ટીમને ઈનામ પેટે કેટલી રકમ મળશે ?

૮. ૨૦૧૮ ફુટબોલ વિશ્વકપમાં ઉપવિજેતા (રનર્સ અપ) ટીમને ઈનામ પેટે કેટલી રકમ મળશે ?

૯. ૨૦૨૬ માં ફુટબોલ વર્લ્ડકપ કયાં રમાશે ?

૧૦. ૨૦૨૬ માં ફુટબોલ વર્લ્ડકપમાં કેટલી ટીમોભાગ લેશે ?

૧૧. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ મેચ કઈ બે ટીમો વચ્ચે રમાઈ હતી ?

૧૨. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ ગોલ કરનાર ખેલાડી કોણ ?

૧૩. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ માટે કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી હતી ?

જવાબ:

૧. આ વર્ષે રોમાનીયાની સીમોના હોલેપે, અમેરીકાની સ્લોએન સ્ટેફન્સ નામની મહિલા ખેલાડીને હરાવીને ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી.

૨. આ વર્ષે સ્પેનના લેજન્ડરી ખેલાડી રફેલ નડાલ નામના ખેલાડીએ ૧૧ મી વખત ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો.

૩. હાલમાં વિશ્વમાં ઓપન એરમાં સૌથી વધુ 'મેન્સ સીંગલ્સ' ટાઈટલ્સ જીતનાર ખેલાડી અમેરીકાના કોન્નાર્સ છે.

૪. હાલમાં વિશ્વમાં સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરર પછી સૌથી વધુ ગ્રાન્ડસ્લેમ જીતવાનો રેકોર્ડ સ્પેનના રાફેલ નડાલ નામનો ખેલાડી ધરાવે છે.

૫. હાલમાં વિશ્વમાં ૧૧ વખત મોન્ટ કાર્લો માસ્ટર્સ ચેમ્પિયનશીપ ૧૧ વખત બાર્સેલોના ઓપન ચેમ્પિયનશીપ તથા ૧૧ વખત ઓપન ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયનશીપ જીતનાર એક માત્ર ટેનીસ ખેલાડી સ્પેનના રાફેલ નડાલ છે.

૬. હાલમાં જ ભારતે કેન્યાને ૨-૦ ગોલથી હરાવીને દેશે મુંબઈમાં રમાયેલ ઈન્ટરકોન્ટી નેન્ટલ ફુટબોલ કપ જીત્યું હતું.

૭. ૨૦૧૮ ફુટબોલ વિશ્વકપમાં વિજેતા ટીમને ઈનામ પેટે ૩૮ મીલીયન ડોલરની રકમ મળશે.

૮. ૨૦૧૮ ફુટબોલ વિશ્વકપમાં ઉપવિજેતા (રનર્સ અપ) ટીમને ઈનામ પેટે ૨૮ મીલીયન ડોલરની રકમ મળશે.

૯. ૨૦૨૬ માં ફુટબોલ વર્લ્ડકપ ફુટબોલ વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલી જ વાર ત્રણ દેશોમાં રમાશે જેમાં અમેરીકા, કેનેડા અને મેક્સિકો દેશનો સમાવેશ છે.

૧૦. ૨૦૨૬ માં ફુટબોલ વર્લ્ડકપમાં ૪૮ ટીમોભાગ લેશે.

૧૧. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ મેચ રશિયા તથા સાઉદી અરેબીયા એમ બે ટીમો વચ્ચે રમાઈ હતી.

૧૨. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપમાં પ્રથમ ગોલ કરનાર ખેલાડી રશીયાના યુરી ગાઝીસ્કી છે.

૧૩. ૨૦૧૮ ફુટબોલ વર્લ્ડકપ માટે કુલ ૬૦૦ મીલીયન ડોલરની રકમ ખર્ચ કરવામાં આવી હતી.

-ડૉ.પી.ડી.શર્મા
(અમદાવાદ)

## વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ધોનીના ૪૦૦ શિકાર

### ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

મહેન્દ્રસિંહ ધોનીએ વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચમાં ૪૦૦ શિકાર ઝડપનાર વિકેટ કીપરોમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે.

દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ કેપટાઉન ખાતે ૨૦૧૮ ના વર્ષની ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં કુલદીપ યાદવના બોલ પર એડેન મેરક્રેમને સ્ટમ્પ આઉટ કરીને પોતાની ૩૧૫ મી વન-ડે ઈન્ટરનેશનલ મેચની ૩૧૦ મી ઈનીંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.

બાંગ્લાદેશ વિરૂદ્ધ ચીટગાંવમાં ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૪ ના રોજ પોતાની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમનાર મહેન્દ્રસિંહ ધોનીને ૪૦૦ શિકાર પુરા કરવામાં ૧૩ વર્ષ અને ૪૭ દિવસનો સમય લાગ્યો હતો. ધોની વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૦૦ કે તેથી વધુ સ્ટમ્પ કરનાર એક માત્ર વિકેટકીપર છે.

ઓસ્ટ્રેલિયાના એડમગીલક્રિસ્ટે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૪૦૦ શિકાર ઝડપનાર સૌ પ્રથમ વિકેટકીપર હતો. ભારત વિરૂદ્ધ મુંબઈમાં ૧૭ ઓકટો. ૨૦૦૭ ના રોજ રમાયેલ મેચમાં નાથન બ્રેડમેનના બોલ પર યુવરાજને કેચઆઉટ કરીને આ સિદ્ધિ મેળવી હતી. ગીલક્રિસ્ટે ૨૭૫ મેચની ૨૭૪ ઈનીંગ્સમાં આ સિધ્ધિ મેળવી હતી.

દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ૨૫ ઓકટો. ૧૯૯૬ ના રોજ ફરીદાબાદમાં પોતાની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમનાર એડમ ગીલક્રિસ્ટને ૪૦૦ શિકાર પુરા કરવામાં ૧૦ વર્ષ અને ૩૫૭ દિવસનો સમય લીધો હતો.

એડમ ગીલક્રીસ્ટે કુલ ૨૮૭ વન-ડે મેચો રમેલી જેની ૨૮૬ ઈનીંગ્સમાં ૪૭૨ ખેલાડીઓને પોતાના શિકાર બનાવેલા. જેમાં ૪૧૭ કેચ અને ૫૫ સ્ટમ્પ કરેલા છે. દક્ષિણ આફ્રિકાના માર્ક બાઉચરે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૪૦૦ શિકાર કરનાર બીજો ખેલાડી વિકેટકીપર હતો. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૨૩ જાન્યુ. ૨૦૦૯ ના રોજ સીડનીમાં પોતાની ૨૭૫ મી મેચમાં ૨૭૧ ઈનીંગ્સમાં જોહનબોથાની બોલ પર શોનમાર્શને સ્ટમ્પ આઉટ કરીનુ આ સન્માન મેળવ્યું હતું.

માર્ક બાઉચરે જેણે ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ૧૬ જાન્યુ. ૧૯૯૮ ના રોજ પર્થ ખાતે પોતાની પ્રથમ વન-ડે મેચ રમી હતી તે ૪૦૦ શિકાર ઝડપવાને માટે ૧૧ વર્ષ અને ૮ દિવસનો સમય લીધો હતો.

માર્ક બાઉચરે જે ૨૯૫ વન-ડે ઈન્ટરનેશનલ મેચો રમી છે તેની ૨૯૧ ઈનીંગ્સમાં ૪૨૫ ખેલાડીઓને પોતાનો શિકાર બનાવ્યો છે. જેમાં ૪૦૩ ખેલાડીઓને કેચઆઉટ અને ૨૨ ખેલાડીઓને સ્ટમ્પ કર્યા છે. એણે એક મેચમાં વિકેટકીપીંગ કરી નહોતી પરંતુ ફિલ્ડર તરીકે એક કેચ કર્યો હતો.

શ્રીલંકાના કુમાર સાંગકરાએ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં સૌથી વધુ ખેલાડીઓને શિકાર બનાવવાનું ગૌ-રવ પ્રાપ્ત કર્યું છે.

કુમાર સંગકારાએ એક વિકેટકીપર તરીકે જે ૩૬૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચો રમી છે. તેની ૩૫૩ ઈનીંગ્સમાં ૪૮૨ ખેલાડીઓને આઉટ કર્યા છે. જેમાં ૪૪ મેચોની ૪૪ ઈનીંગ્સમાં સંગકરાએ કીપીંગ કર્યું નહોતું પરંતુ એક ફિલ્ડર તરીકે ૧૯ ખેલાડીઓને કેચ કર્યા હતા.ભારત વિરૂદ્ધ ૨૦ જુન ૨૦૧૩ ના રોજ કોડીફમાં રમાયેલ ચેમ્પિયન ટ્રોફીની મેચમાં જીવન મેન્ડીસના બોલ પર શિખર ધવનને સ્ટમ્પ આઉટ કરીને પોતાના ૪૦૦ શિકાર પુરા કર્યા હતા.

પાકિસ્તાન વિરૂદ્ધ ગાલેમાં ૫ જુલાઈ ૨૦૦૦ ના રોજ પોતાની પ્રથમ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમનારા સંગકારાએ ૪૦૦ શિકાર પુરા કર્યા હતા. જેમાં સંગકારાને ૧૨ વર્ષ અને ૩૬૦ દિવસનો સમય લાગ્યો હતો.

મહેન્દ્રસિંહ ધોનીએ ભારત તરફથી જે ૩૧૨ વન-ડે ઈન્ટરનેશનલ મેચો રમી છે. તેની ૩૦૪ ઈનીંગ્સમાં ૩૯૪ ખેલાડીઓને આઉટ કર્યા છે. જેમાં ૨૯૧ ખેલાડીઓને કેચઆઉટ અને ૧૦૩ ખેલાડીઓને સ્ટમ્પ કર્યા છે.

એશીયા ઈલેવન તરફથી રમતા ધોનીએ જ ત્રણ વન-ડે રમી હતી તેની ૩ ઈનીંગ્સમાં ૬ ખેલાડીઓને પોતાના શિકાર બનાવ્યા હતા. જેમાં ત્રણ કેચઆઉટ અને ત્રણને સ્ટંમ્પ કર્યા હતા.અત્યાર સુધી ૧૪ વાર એવું બન્યું છે કે જેમાં એક ઈનીંગ્સમાં કોઈ વિકેટકીપરે ૬ ખેલાડીઓને કેચઆઉટ કર્યા છે. જેમાં દસ વિકેટકીપરોએ આવું કર્યું છે. જેમાં ભારતના ધોનીનો પણ સમાવેશ થાય છે. ધોનીએ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ લીડસમાં ૨ સપ્ટે.૨૦૦૭ ના રોજ ૬ ખેલાડીઓને સ્ટંમ્પની પાછળ આઉટ કર્યા છે.

-કમલેશ કંસારા

## કોહલીનાં સુકાનીપદ હેઠળ ભારત-આયર્લેન્ડની પ્રથમ ટી-૨૦ મેચ

વિરાટ કોહલીના સુકાનમાં ભારતીય ટીમ ઈંગ્લેન્ડની લાંબી ટૂર શરૂ કરતાં પહેલાં આયર્લેન્ડ ગઈ છે

જ્યાં બે ટી-ટ્વેન્ટી મેચ રમાશે. ડબ્લિનમાં ભારત-આયર્લેન્ડ વચ્ચે ત્યાર બાદ બીજી અને આખરી ટી-ટ્વેન્ટી શુક્રવાર, ૨૯મી જૂને રાત્રે ૮.૩૦ વાગ્યાથી રમાશે.

ગેરી વિલ્સન આયર્લેન્ડનો કેપ્ટન છે. ભારતીય ટીમમાં કેપ્ટન વિરાટ કોહલી ઉપરાંત મહેન્દ્રસિંહ ધોની (વિકેટકીપર), શિખર ધવન, રોહિત શર્મા, સુરેશ રૈના, લોકેશ રાહુલ, હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ, યુઝવેન્દ્ર ચહલ, દિનેશ કાર્તિક, સિદ્ધાર્થ કૌલ, કુલદીપ યાદવ, મનીષ પાંડે, ભુવનેશ્રવર કુમાર, વૉશિંગ્ટન સુંદર અને ઉમેશ યાદવનો સમાવેશ છે.

## દીપિકા કુમારીએ આર્ચરી વર્લ્ડ કપમાં ગોલ્ડમેડલ જીત્યા

### ટર્નીંગ પોઈન્ટ




ભારતીય આર્ચર દીપિકા કુમારીએ પોતાના કંગાળ ફોર્મમાંથી કમબેક કરીને યુએસમાં રમાઈ રહેલા આર્ચરી વર્લ્ડ કપ (ત્રીજા ફેઝ)માં મહિલા રિકર્વમાં સુવર્ણ ચંદ્રક મેળવી લીધો છે. દીપીકાએ ફાઈનલમાં જર્મનીની મિશેલી ક્રોપેનને ૭-૩થી મ્હાત આપી હતી અને છ વર્ષ બાદ આર્ચરી વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. વર્લ્ડ કપ ફાઈનલમાં ચાર વખત સિલ્વર મેડલ (૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૫) જીત સાથે દીપિકા કુમારીએ તુર્કીના સૈમસનમાં યોજાનાર આર્ચરી વર્લ્ડ કપ ફાઈનલ માટે પણ ક્વોલિફાઈ કરી લીધું છે.

સીઝનની અંતિમ સ્પર્ધામાં તે ૭મી વખત દેશનું પ્રતિનિધિત્વ કરશે. દીપિકાએ અગાઉ અંતાલ્યામાં ૨૦૧૨માં આ ટાઈટલ મેળવ્યું હતું. ૩૦ પોઈન્ટમાંથી ૨૯ અંક મેળવીને શરૂઆત કરનાર દીપિકાએ ૨-૦ની લીડ મેળવી લીધી હતી. ક્રોપેને ત્રીજો સેટ જીતીને ૩-૩થી બરોબરી કરી હતી.

દરમિયાન ચોથો અને પાંચમો સેટ દીપિકાએ જીત્યો હતો. દીપિકાએ ૭-૩થી જર્મનીની ક્રોપેનને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. 'હાર જીતને ભૂલીને હું ફક્ત રમતનો આનંદ ઉઠાવવા મારા મનને સમજાવી રહી હતી. સતત હું મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની વાત દોહરાવી રહી હતી.' ચીનની તાન યા તિંગે મહિલા રિકર્વમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જો કે રિકર્વ મિક્સ ડબલ્સમાં દીપિકાને નિરાશા સાંપડી હતી અને અતનુ દાસ સાથે તેની જોડી બ્રોન્ઝ માટેની મેચમાં ચીન તાઈપેઈના તાંગ ચીહ ચુન અને તાન યા તિંગ સામે ૪-૫થી હારી હતી.

## ICC વનડે રેક્રિંગમાં વિરાટની બાદશાહત યથાવત, ઓસ્ટ્રેલિયન ટીમને ફટકો

ઈંગ્લેન્ડને ઓસ્ટ્રેલિયા સામે વનડે સિરિઝમાં મળેલી ૫-૦ ક્લિનસ્વીપની મદદથી તેના ક્રિકેટરો જૉની બેયરસ્ટો, જોસ બટલર, જેસન રોયને આઈસીસીની વનડે રેંકિંગમાં લાભ થયો છે. જ્યારે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે પહોંચેલા ભારતીય કેપ્ટન વિરાટ કોહલી વનડેમાં ટોચના બેટ્સમેન તરીકે યથાવત છે. આઈસીસીની વનડે બેટ્સમેનની રેક્રિંગમાં વિરાટ કોહલી પોતાના ૯૦૯ રેટિંગ પોઈન્ટ્સ સાથે ટોચ પર યથાવત છે. જ્યારે શિખર ધવન એક સ્થાનના ફાયદા સાથે ૧૧મા ક્રમેથી ૧૦મા ક્રમે આવી ગયો છે અને ટોપ-૧૦માં સામેલ થઈ ગયો છે.

રોહિત શર્મા પોતાના ચોથા સ્થાન પર યથાવત છે. તેવામાં વનડે બોલરોમાં ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ટોચના સ્થાને યથાવત છે. યુજવેન્દ્ર ચહલને પણ એક સ્થાનનો લાભ થયો છે અને હવે તે ઈંગ્લેન્ડના આદિલ રાશિદ સાથે સંયુક્ત આઠમા ક્રમે આવી ગયો છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સની મેજબાનીમાં વર્ષ ૨૦૧૯માં ૩૦મેથી ૧૪ જુલાઈ સુધી આયોજિત થનારા આઈસીસી વનડે વર્લ્ડકપ પહેલા ઈંગ્લીશ ટીમના ખેલાડીઓને રેંકિંગમાં મહત્વપૂર્ણ સ્થાન મળ્યાં છે.

બેયરસ્ટો, બટલર અને જેસનને વનડે બેટિંગની રેંકિંગમાં લાભ થયો છે. બેયટરહસ્ટો ચાર ક્રમ ઉપર આવીને ૧૧મા ક્રમે પહોંચ્યો છે. તેણે સીરીઝમાં ૩૦૦થી વધુ રન બનાવ્યાં હતા. બટલર બે સ્થાન ઉપર આવીને ૧૬મા અને જેસન ત્રણ સ્થાન ઉપર આવીને ૨૦મા ક્રમે પહોંચ્યા છે.

તેવામાં ઓસ્ટ્રેલિયન ટીમ આઈસીસી વનડે રેંકિંગમાં છઠ્ઠા નંબરે સરકી ગઈ છે અને તેને ચાર નંબરનું નુકસાન થયું છે. ઈંગ્લેન્ડને ક્લિન સ્વીપ સાથે લાભ થયો છે સાથે જ તે ત્રણ અંક સાથે ૧૨૬ અંકો પર મજબૂત થઈ છે જ્યારે ભારત ૧૨૨ અંકો સાથે બીજા ક્રમે છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૧૨થી ૧૭ જુલાઈ સુધી ત્રણ મેચની વનડે સિરિઝ હોવી જોઈએ. ઈંગ્લેન્ડ જો ૨-૧થી ભારત સામે હારે ત્યારે પણ તે ટોચના સ્થાને યથાવત રહેશે પરંતુ જે યજમાન ટીમ ૩-૦થી જીતે તો ભારત ટોચ પર પહોંચી જશે.

## મહિલા ટી-૨૦ વર્લ્ડકપના કાર્યક્રમની જાહેરાત, ન્યૂઝીલેન્ડ સાથે ભારતની પહેલી મેચ

આઈસીસીએ આ વર્ષના અંતમાં થનાર મહિલા ટી૨૦ વર્લ્ડકપ ટૂર્નામેન્ટમાં કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. આ વિશ્વકપ વેસ્ટ ઈન્ડિઝમાં ૦૯થી ૨૪ નવેમ્બર વચ્ચે રમાશે. ભારતીય ટીમ આ મહિલા ટી-૨૦ વિશ્વકપમાં પોતાના અભિયાનની શરૂઆત ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ કરશે. પહેલા દિવસે ભારત અને ન્યૂઝીલેન્ડ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન અને મેજબાન વેસ્ટ ઈન્ડિઝ પણ મેદાન પર ઉતરશે. ટીમ ટૂર્નામેન્ટના પહેલા દિવસ ન્યૂઝીલેન્ડ સાથે ટકારાયા બાદ ૧૧ નવેમ્બર પોતાની બીજી મેચમાં પાકિસ્તાન વિરૂદ્ધ રમશે. ટીમના અન્ય મેચ ક્વોલીફાયર અને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ક્રમશ: ૧૫ અને ૧૭ નવેમ્બરે રમાશે.

ભારતીય મહિલા ટીમે આ ટૂર્નામેન્ટમાં પાંચ વખત ભાગ લીધો છે અને અત્યાર સુધી એકપણ વર્લ્ડકપ પોતાના નામે કરી શકી નથી. દશ દેશોની ટૂર્નામેન્ટમાં ત્રણ વખત ઓસ્ટ્રેલિયા અને એક વખતની ચેમ્પિયન ઉપરાંત વર્તમાન ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝની ટીમ પણ ભાગ લેશે. વિશ્વકપની મેચોમાં વેસ્ટ ઈન્ડિઝમાં ત્રણ સ્થળ, સેન્ટ લૂસિયા, એન્ટિગ અને બાર્બુડામાં રમાશે. ટૂર્નામેન્ટમાં પ્રથમ વખત ડીઆરએસ પ્રમાણીનો ઉપયોગ થશે અને બધી જ મેચોનું લાઈવ પ્રસારણ થશે.

આનું ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટ "વિશ્વ ટી ૨૦ ક્વોલીફાયર" સાતથી ૧૪ જૂલાઈ સુધી નેધરલેન્ડમાં રમાશે જેમાં ફાઈનલમાં પહોંચનાર ટીમો વિશ્વકપ માટે ક્વોલિફાય કરશે.

ટીમોને બે ગ્રુપમાં વહેચવામાં આવ્યા છે, જેમાં ગ્રુપ એમાં વર્તમાન ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા અને એક ક્વોલિફાયર ટીમ સામેલ છે. ગ્રુપ બીમાં ભારત, પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને બીજી ક્વોલિફાયર ટીમો છે. બાંગ્લાદેશ, આર્યલેન્ડ, નેધરલેન્ડ, પાપુઆ ન્યૂ ગીની, સ્કોટલેન્ડ, થાઈલેન્ડ, યૂગાન્ડ અને સંયુક્ત અરબ અમીરાતની ટીમો ક્વોલિફાયર ટૂર્નામેન્ટ રમશે. ટૂર્નામેન્ટમાં બંને સેમીફાઈનલ ૨૨ નવેમ્બરે રમાશે જ્યારે ફાઈનલ ૨૪ નવેમ્બરે રમાશે.

## પાલનપુરમાં ...

પાના નં .૧ ચાલુ

જ્યાં જમવા ગયેલા સિતાબભાઇ કાદરી સાથે ભોજનની ડીસ બાબતે અસભ્ય વર્તન દાખવવામાં આવ્યું હતુ. જે અંગે તેઓએ પાલનપુર નગરપાલિકાનું ધ્યાન દોરતા પાલિકાના કારોબારી ચેરમેન જયંતિભાઇ પઢિયાર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. જ્યાં હોટલ સંચાલકને નીતિ નિયમો કોરાણે મુકવા બદલ તતડાવવામાં આવ્યો હતો. જોકે,હોટલ સામે હોબાળો થતા લોકો ટોળે વળ્યાં હતા. અને આવી જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતી હોટલો સામે પગલાં ભરવાની માંગ કરી હતી.

## ઢીમા ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને વર્ષોથી ગરીબ લાભાર્થીઓ સરકારી લાભથી વંચિત રહી જાય છે. આથી તંત્ર દ્વારા ગામમાં તટસ્થ રીતે સરવે કરાવી નવેસરથી બી.પી.એલ યાદી તૈયાર કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

## શ્રી જી.જી.મહેતા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને પ્રથમવર્ષમાં કુલ-૩૪ માંથી ૩૦ તાલીમાર્થી બહેનો વિશેષ યોગ્યતા સાથે,૩-તાલીમાર્થી બહેનો પ્રથમવર્ગ સાથે અને-૧ તાલીમાર્થી બહેન દ્વિતીયવર્ગ સાથે ઉત્તીર્ણ થયેલ છે.

## પાલનપુર હેડ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જૂની ઢબે ચાલતી પોસ્ટ વિભાગની કામગીરીને આવો આધુનિક ઓપ આપવાના નિર્ણયને ગ્રાહકોમાં પણ વ્યાપક આવકાર સાંપડ્યો છે.

દેશના અન્ય વિસ્તારોની જેમ બનાસકાંઠામાં પણ પોસ્ટ વિભાગની સેવા હાઈટેક બનતા હવે ગ્રાહકોને વધુ સારી અને ઝડપી સેવા પૂરી પાડી શકાશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા બનાસકાંઠાના પોસ્ટલ સુપરિટેનડેન્ટ એચ.સી.જોશીએ આ નવી સુવિધાઓના ઉમેરણ દરમ્યાન પ્રભાવિત થયેલી પોસ્ટ સેવા વખતે સહકાર આપનાર ગ્રાહકો પ્રત્યે આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી.

## છાપી હાઈવે ...

પાના નં .૮ ચાલુ

રજુઆત કરી આ દબાણો હટાવવા ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. આ અગાઉ પણ તત્કાલિન પ્રાંતઅધિકારી આર.કે.પટેલ દ્વારા દબાણો ઉપર બ્યુલડોઝર ફેરવી દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો. જોકે તંત્રની લાપરવાહી થી ફરી દબાણો થતા કચવાટ ઉભો થયો છે અને દબાણો હટાવવા રજુઆત કરવામાં આવી છે.

## થરાની ૧૦૮...

પાના નં .૮ ચાલુ

તાલુકાના ભલગામ ટોલનાકા આગળ મહિલાને પ્રસુતિની પીડા વધી જતા ૧૦૮ની અંદર મહિલાની પ્રસુતિ કરાવી હતી મહિલાના કુખે પુત્રનો જન્મ થયો હતો જેનું વજન આસરે ૩ કીલો હતું અને માતા અને બાળકની હાલત સારી હતી. ત્યારબાદ પ્રસુતા મહિલા તેમજ નવજાત બાળકને પૂરતી સારવાર મળી રહે તે માટે ૧૦૮ મારફતે થરા સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલ હતા.

## લાખણી તાલુકાની...

પાના નં .૮ ચાલુ

વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરી હતી પરંતુ અધિકારીઓ શાળામાં આવી માત્ર જવાબ લઈ રવાના થઈ જતા હોય છે. તાજેતરમાં શાળામાં કમ્પ્યુટરનું કીબોર્ડ અને માઉસ તોડી નાખ્યુ હતું અને એક વિદ્યાર્થીને ઢોર માર મારતા તેની રજુઆતના પગલે તપાસમાં આવનાર અધિકારીઓ કબુલાતનામું અને માફીનામું લખાવ્યુ હતું પરંતુ કોઈ નક્કર કાર્યવાહી કરી ન હતી. શિક્ષક શાળાના અન્ય શિક્ષકો સાથે અપશબ્દો બોલી જો કોઈ કહેવા જાય તો તેઓ ઉચ્ચ અધિકારી મારા સગા છે મારુ કોઈ કશું બગાડી શકે તેમ નથી ગ્રામજનો છેલ્લા અઢી વર્ષથી મારા વિરુધ્ધ અરજીઓ કરે છે પણ મારુ કંઈ બગાડી શક્તા નથી તેવી શેકી મારે છે.અને ગ્રામજનોને જે થાય તે કરી લેવા ધમકી આપતા આખરે ગ્રામજનોએ કંટાળી ગઈકાલે સવારે ૧૦.૨૦ કલાકે શાળામાંથી પોતાના બાળકોને શાળામાંથી બહાર લઈ જઈ શાળાના ભૌતિક સાધનો રૂમમાં મુકી જ્યાં સુધી શિક્ષકની બદલી ન થાય ત્યાં સુધી પોતાના બાળકોને શાળામાંના મોકલવાની ચિમકી આપી શાળાને તાળાબંધી કરી દીધી હતી.

## રાજીવ આવાસના...

પાના નં .૮ ચાલુ

સર્વે નં.૧૨૮ અને ૧૨૯ માં બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હતી. પરંતુ ભાજપની બોડીએ સદરપુર ગામની સીમમાં સર્વે નં.૮૫ માં બનાવવાનું શરૃ કરવામા આવ્યુ હતુ. જેમાં સર્વે નં.૮૫ ની જગ્યા ૧૯૮૬ માં પાલનપુર નગરપાલિકાને ગટર યોજનાના ઓક્સીડેશન પોન્ડ માટે ફાળવવામાં આવી હતી. તેમાં વર્ષોથી ગંદા પાણીનો નિકાલ થઈ રહ્યો છે. તેની બાજુમાં જ રૂપિયા ૭ કરોડના ખર્ચે જી. યુ. ડી. સી. ગાંધીનગર દ્વારા બનાવવામાં આવેલ લેન્ડ ફીલસાઈટ ઘન કચરાના નિકાલ માટે બનાવેલ છે. દરમિયાન આ ૩૫૦૦૦ ચોરસ ફૂટ જમીન ઓકસીડેશન પોન્ટ માટે જરૂરીયાત ન હોઈ આ જમીન રાજીવ ગાંધી આવાસ યોજના માટે ફાળવવા માટે નગરપાલિકાના ચિફ ઓફિસરે નાયબ કલેકટરને દરખાસ્ત કરી હતી. આથી વર્તમાન કલેકટર સંદીપ સાગલે દ્વારા તપાસ કરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૫ એકર જમીન પૈકી બાકી રહેતી ૨૦ એકર જમીન ભુર્ગભગટર યોજના અને ઓકસીડેશન પોન્ડ માટે રાખેલી હતી. જેનો કાર્યસાધક ઉપયોગ થયેલ નથી. જે હેતુ માટે ગ્રાન્ટ કરેલ તે હેતુ માટે ઉપયોગ થયેલ નથી. જેથી, ગ્રાન્ટના હુકમની શરતોમાં ભંગ થાય છે. તેમજ નગરપાલિકાએ આ જમીનની જરૂરીયાત ન હોવાનું જણાવી તેના ઉપર પરવાનગી વગર રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાનો બનાવી સ્પષ્ટપણે શરતભંગ કરેલો હોવાથી આ જમીન શ્રીસરકાર કરવાનો હૂકમ કર્યો છે.

દરમિયાન રાજીવ ગાંધી આવાસ યોજનામાં પાલિકાની બોડી દ્વારા રૂપિયા ૩૩.૫૦ કરોડનું ચૂકવણું થયુ છે. આ મુદ્દે નગરપાલિકાના વિરોધપક્ષના નેતા અમૃતભાઇ જોષીએ ગાંધીનગર કમિશ્નર મ્યુનિસિપલ એડમિનીસ્ટ્રેશનની કોર્ટમાં અપીલ કરી છે. જેમાં જણાવાયું છે કે, ગંદાપાણીના નિકાલવાળી જગ્યામાં મકાનો બનાવી પેમેન્ટ ચૂકવણી નોંધમાં સહિઓ કરી મોટો ભ્રષ્ટાચાર આચર્યો છે. આ તમામ ખર્ચ રૂપિયા ૩૩,૫૦,૦૦,૦૦૦ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૦ મુજબ વસુલ લઈ તેમની ઉપર કલમ ૩૭ મુજબ પગલા લઈ નગરપાલિકાના સભ્યપદેથી સસ્પેન્ડ કરવાનો હૂકમ કરવો તેમજ બાકીના વીસ સદસ્યો જેમણે તમામ સાધારણ સભામાં ચર્ચા કર્યા વિના એક થી બે મિનિટમાં મંજુર મંજુર કરી ચાલતી પકડી છે. તેમની પાસેથી પણ કલમ ૭૦ મુજબ વસુલાત કરી કલમ ૩૭ મુજબ પગલા લઈ પાલિકાના સભ્યપદેથી સસ્પેન્ડ કરવા જણાવ્યું છે. જેના પગલે પાલિકામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

# ભડથમાં બાળક ઉઠાવગીર સમજી ત્રણની ધોલાઈ



ભરત સુંદેશા

ડીસા

ગુજરાત ભરમાં બાળકો ઉઠાવતી ટોળકી પ્રવેશી હોવાના સમાચાર સોશીયલ મીડીયામાં વાયરલ થયા છે જેથી આમ પ્રજામાં ભયનો માહોલ ખંડો થયો છે. જેનો રેલો સરહદી બનાસકાંઠા સુધી આવી પહોંચ્યા છે જેને લઈ થરાદ તાલુકાના ચાંગડા ગામે બાળક ઉઠાવગીર સમજી લોકોએ એક મુકબધીર યુવકને ઢોર માર માર્યો હતો. તેના બીજા દિવસે ડીસા તાલુકાના ભડથ ગામે પણ આવી ઘટના બનવા પામી છે. જેમાં ગામમાં બાઈક લઈને આવેલા ત્રણ પરપ્રાંતિય શખસોની ગામ લોકોએ બાળક ઉઠાવગીર સમજી જોરદાર ધોલાઈ કરી હતી. બાદમાં આ ત્રણેય તાલુકા પોલીસ હવાલે કરાયા હતા. જેથી પોલીસે ત્રણેયની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શિક્ષણને વધુ ગુણવત્તાયુક્ત બનાવવા મુદ્દે થયેલું ચિંતન

ગાંધીનગર

ભારત સરકારે વર્ષ ૨૦૧૭માં શિક્ષણ ક્ષેત્રે કરેલા નેશનલ એચિવમેન્ટ સર્વેમાં ગુજરાતમાં ધોરણ-૩, ૫ અને ૮ ના ભાષા, ગણિત અને વિજ્ઞાનમાં ૯ ટકાનો સુધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૯માં આ સુધારાની ટકાવારીમાં હજુ પણ નોંધપાત્ર વૃદ્ધિ થાય તેવો સંકેત શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. આજે રાજયના જિલ્લા શિક્ષણ અધિકારી અને પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની ગાંધીનગરમાં શિક્ષણ રાજ્ય મંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે શિક્ષણમાં હજુ પણ વધુ ગુણાત્મક શિક્ષણ માટે સંકલ્પબદ્ધ થવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં જ્યારે આવા સર્વે થયા છે ત્યારે તેમાં હજુ પણ વધુ સુધારો થઈ શકે છે. આ માટે તમામ ડીપીઓ, ડીઈઓ અને સીઆરસી તથા બીઆરસીનું યોગદાન વધે તે જરૂરી છે. આજે યોજાયેલી બેઠકમાં શિક્ષણ મંત્રીએ સંબંધિત અધિકારીઓ સાથે સળંગ આખો દિવસ ચર્ચા વિચારણા કરી હતી. સાથે સાથે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. એચિવમેન્ટ સર્વેમાં આનાથી પણ વધારે ગુણાત્મક સુધારા લાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ૧૧૫ જિલ્લાઓને પસંદ કરીને શિક્ષણના કયા સુધારાને અવકાશ છે તેનું નિર્દેશ કરતા આઠ ઈન્ડીકેટર નક્કી કર્યા છે. તેમાં ગુજરાતના બે જિલ્લાઓ નર્મદા અને દાહોદનો સમાવેશ થાય છે. ચુડાસમાએ કહ્યું હતું કે આ બંને જિલ્લામાં આઠ ઇન્ડિકેટર મુજબ શિક્ષણ સુધારાની પ્રક્રિયા શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી ચુકી છે. આ આઠ ઈન્ડિકેટરમાં પ્રાથમિકથી ઉચ્ચ પ્રાથમિકમાં, ઉચ્ચ પ્રાથમિકથી માધ્યમિક શિક્ષણમાં ટ્રાન્ઝિશન રેટ વધારવા, ધોરણ-૩, ૫, ૮ તથા ગણિત વિષયમાં લર્નિંગ આઉટકમમાં સુધારો કરવા, ૧૫ વર્ષ કરતા વધુ વયની દિકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધારવા, તમામ શાળાઓમાં કન્યા શૌચાલયની વ્યવસ્થા અને ઉપયોગિતા સુનિશ્ચિત કરવી, તમામ શાળાઓની વીજળી વ્યવસ્થા અને ઉપયોગિતાની ખાતરી કરવી, તમામ શાળાઓમાં આરટીઈના ધારાધોરણ મુજબ શિક્ષક વિદ્યાર્થીઓ રેશિયો નક્કી કરવા, શાળા શરૂ કરવાના એક માસમાં પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવી વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ બેઠકમાં આ તમામ ઈન્ડીકેટર્સનો ઉલ્લેખ કરી તે મુજબ શિક્ષણમાં હજુ પણ વધુ ગુણાત્મક સુધારા કરવા માટે ઉપાયોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વાંચન, ગણન, લેખનમાં નબળા વિદ્યાર્થીઓ ઉપર પણ વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરવામાં આવી હતી.

# સેંસેક્સ ફરી ૨૭૩ પોઈન્ટ ઘટી ૩૫૨૧૭ની નીચી સપાટી ઉપર

મુંબઇ

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૨૭૩ પોઈન્ટ ઘટીને ૩૫૨૧૭ની નીચી સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૮ પોઈન્ટ ઘટીને ૧૦૬૭૧ની સપાટીએ રહ્યો હતો. સેકટરલ ઈન્ડેક્ષની વાત કરવામાં આવે તો નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્ષમાં ૨.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. આઈડીબીઆઈ બેંક, સિન્ડીકેટ બેંક, બેંક ઓફ ઈન્ડિયાના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. આ તમામ શેરમાં ઘટાડો થયાના પરિણામ સ્વરૂપે નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્ષમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ મંગળવારે કહ્યું હતું કે બેંકોના ગ્રોસ એનપીએ રેશિયો માર્ચ ૨૦૧૮માં ૧૧.૬ ટકાથી વધીને વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધી ૧૨.૨ ટકા થઈ શકે છે. વ્યક્તિગત શેરોની વાત કરવામાં આવે તો ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરમાં ૮ ટકા સુધીનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. વૈશ્વિક તેલ કિંમતો પુરવઠામાં તંગીના લીધે ઝડપથી વધી રહી છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં ૮ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. રૂપિયો ૩૦ પૈસા ઘટીને ૧૯ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. એશિયન શેરબજારમાં તીવ્ર દબાણની સ્થિતિ રહી હતી. ચાઈનીઝ બ્લુચીપના શેરમાં ૨.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. તેલ કિંમતો આજે વધી હતી. કેનેડામાં પુરવઠો ખોરવાઈ ગયો છે. લિબિયન નિકાસને લઈને અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ જતા આ સ્થિતિ સર્જાઈ છે. અમેરિકી અધિકારીઓએ નવેમ્બરથી ઈરાનિયન ક્રુડની ખરીદી ન કરવા આયાતકારોને આદેશ કર્યો છે. કારોબારના અંતે ગઈકાલે સેંસેક્સ અને નિફ્ટી નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. ગઈકાલે મંગળવારના દિવસે સેંસેક્સ ૨૦ પોઈન્ટ ઉછળીને ૩૫૪૯૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭ પોઈન્ટ ઉછળીને ૧૦૭૬૯ની સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક બજારમાં પણ અફડાતફડી રહી હતી અને વૈશ્વિક મંદીનું મોજુ ફરી વળ્યું હતું. અમેરિકા અને ચીન સહિત જુદા જુદા દેશો વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ ચાલી રહી છે જેના કારણે મૂડીરોકાણકારો રોકાણ કરવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. ઔરંગાબાદ સ્થિત ઓટો ઘટક બનાવતી કંપની વારરોક એન્જિનિયરિંગ દ્વારા ૧૯૫૫ કરોડ રૂપિયાના આઈપીઓ કરવામાં આવ્યો હતો. પ્રાઈઝ બેન્ડનો આંકડો ૯૬૫થી ૯૬૭ રૂપિયા રાખવામાં આવ્યો છે. પ્રમોટરો દ્વારા ૨૦૨૨૧૭૩૦ ઈક્વિટી શેરનું વેચાણ કરવામાં આવી રહ્યુ છે. આ કંપની ગ્લોબલ ઓટો મોટિવ ઘટકો બનાવનાર કંપની છે. સાથે સાથે લાઈટિંગ સિસ્ટમ, પાવર ટ્રેન, ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક્સ જેવી ચીજવસ્તુઓ બનાવવામાં નિષ્ણાત કંપની છે. સમગ્ર વિશ્વમાં પેસેન્જર કાર અને મોટરસાઈકલના સેગ્મેન્ટમાં બોડી અને ચેચિસ પાર્ટ્સ તેના દ્વારા બનાવવામાં આવે છે. એન્જિનિયરિંગ આઈપીઓને લઈને કારોબારીઓ આમા રોકાણ કરવા માટે ઈચ્છુક છે.

# ડીસા શિવનગર પ્રા.શાળામાં બાળ મેળાની ઉજવણી



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરની પ્રેરણા માર્ગદર્શન દ્વારા શિવનગર પ્રા. શાળામાં ૨૫ જૂન ૨૦૧૮ સોમવારના આનંદદાયી બાળમેળાનું આયોજન કરેલ હતું. સવારે ૭ કલાકે તમામ વિદ્યાર્થીઓ શાળા પરિસરમાં ઉપસ્થિત થયેલ હતા તથા શાળાની પ્રવૃત્તિના ભાગરૂપે સફાઈ કામગીરી કરવામાં આવેલ ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓ પોત પોતાની પ્રવૃત્તિમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.તેમાં નીચેની પ્રવૃત્તિ હતી. જેમાં ચિત્રકામ, રંગપુરણી, કાગળકામ, તોરણ બનાવવું, રંગોળી પુરવી, મહેંદી મુકવી, કેશગૂંથણ વગેરે જેવી પ્રવૃત્તિમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તમામ પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું અને બાલસભા કરીને પ્રોગ્રામ પૂર્ણ કરવામાં આવ્યો હતો.શાળાના આચાર્ય ગીતાબેન અને તેમનો શિક્ષક પરિવારે ખુજ જ મહેનત કરી હતી.

# ભાભર જુના પે.કે શાળીમાં તિથિ ભોજન અપાયું



વનરાજસીંહ રાઠોડ

તા પ્રતિ. ભાભર

ભાભર જુના પે.કે.શાળામાં તા.૨૩/૬/૧૮ ના રોજ સ્વ.ઝાલા ચંદ્રાબા ડાહ્યુભા ના સ્મરણાર્થે તિથિ ભોજન આપવામાં આવ્યું. ભાભર જુના પે.કે. શાળામાં અભ્યાસ કરતા ધો.૧ થી૮ ના તમામ વિદ્યાર્થીઓને મહોનથાળ, દાળ-ભાત પિરસવામાં આવ્યા.શાળા પરિવારના સાથ-સહકારથી ઉમદા કાર્ય પૂર્ણ થયું તે બદલ શાળાના આચાર્ય પ્રભુભાઈ કે. રામીએ દાતા પરિવારને બિરદાવ્યો હતો.

# પાંચડા પે.કે. શાળામાં ચોપડા વિતરણ



પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

શૈક્ષણિક સત્રને ઉપલક્ષમાં રાખીને સલ્ફર મિલ્સ લિ.મુંબઈ કંપનીમાંથી રમેશભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ વડગામ તાલુકાની પાંચડા પગાર કે.શાળામાં અભ્યાસ કરતા બાળકોને શિક્ષણ કાર્યમાં જરૂરિયાતને ધ્યાનમાં લઈ (સી.એસ.આર.) કાર્યક્રમ અંતર્ગત ચોપડા વિતરણ કરાયું હતું. કંપનીમાંથી રમેશભાઈ આશિષભાઈ, ગામના સરપંચ, ડિલર ખેડૂત મોંઘજીભાઈ, સુરેશભાઈ તથા આચાર્ય અને સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા.

# રાહની દિવ્યજ્યોતિ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં વૃક્ષા રોપણ કરાયુ



પાંચાભાઈ દેસાઈ

પ્રતિ. રાહ

થરાદ તાલુકાના રાહ ખાતે આવેલી દિવ્ય જ્યોતી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં શાળાના બાળકો અને સમગ્ર સ્ટાફે વૃક્ષારોપણ કર્યું હતું હતું. શાળાના ટ્રસ્ટી જગદીશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે. વર્તમાન પરિસ્થિતીમાં ગ્લોબલ વોર્મીગની સમસ્યા વચ્ચે વૃક્ષોએ સૃષ્ટિપરની જીવ સંપતીને બચાવવા માટેનો એકમાત્ર વિકલ્પ છે. શાળાના સ્ટાફ દ્વારા વૃક્ષોના વાવેતર બાદ તેનું જતન કરવા અંગે સમજણ આપવામાં આવી હતી.

# પાલનપુરની કે. મા. ચોકસી શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

પાલનપુર

પાલનપુર ખાતે કાર્યરત કે. મા. ચોકસી પ્રાથમિક શાળા અને કિર્તિસ્તંભ પ્રાથમિક શાળાના ધોરણ એકના બાળકોનો સંયુકત પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રમેશભાઈ ડાભી, ગુણવંતગીરી ગૌસ્વામીની ઉપસ્થિતિમાં કિર્તિસ્તંભ શાળાના ૪૦ બાળકોને દાતા લિયાકત શેખ ઉર્ફે સંજુ સોહા ફિલ્મ દ્વારા ગણવેશ, દફતર, બુટ, મોજા જ્યારે હિરેનભાઈ દવે નેત્રા કન્સટ્રકશન ઓકટસ એન્ટર પ્રાઈઝ દ્વારા દેશી હિસાબ, સ્લેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત આંગણવાડીના બાળકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. કે. મા. ચોકસી શાળાના આચાર્ય ભાવનાબેન જોષી, બ્રા. શાળા નં. બેના આચાર્ય દલપતભાઈ ડાભીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર(કીલોના)** | |
| **ચાંદી ચોરસા** | **૩૯૭૦૦-૪૦૨૦૦** |
| રૂપુ કાચું | ૩૯૭૦૦-૪૦૨૦૦ |
| સોનુ તોલો | ૩૦૨૦૦-૩૧૬૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૨૧૦** |
| પામોલીન | ૧૨૦૦ |
| સોયા રીફાઈન | ૧૪૦૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૪૬૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૭૦-૧૫૦૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૩૮૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૫૦-૪૬૨** |
| તિરૂપતી કપા. | ૧૩૫૦ |
| ૫ લીટર | ૪૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૬૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૧૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૦૦ |
| ૫ લી. | ૪૦૫ |
| ૨ લી. | ૧૬૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૪૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૪૫૦-૩૫૦૦** |
| **ખાંડ એમ.** | **૩૫૦૦** |
| ખાંડએલ. | ૩૬૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૪૦૦ |
| જીરાળુ | ૧૫૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૧૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૦૦ |
| મેંદો | ૭૮૦ |
| શ્રીફળ એમ. | ૧૪૨૫ |
| નિરમા સાબ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૨૦૦ |
| ખાંડ બુરૂ | ૩૫૦૦ |
| કોકમ ફુલ | ૧૫૦ |
| એલચી | ૯૦૦-૧૦૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૨૦૦-૩૦૦ |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૮૦ |
| લસણ | ૫૦૦-૬૦૦ |
| ધાણા | ૫૦૦-૧૦૦૦ |
| મરચાં | ૫૦૦-૭૦૦ |
| લીંબુ | ૫૦૦-૬૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૮૫-૯૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૬૦૦-૭૦૦ |
| **ભીંડા** | **૪૦૦-૫૦૦** |
| કોબી | ૧૪૦-૧૬૦ |
| વટાણા | ૧૦૦૦-૧૪૦૦ |
| ટીંડસા | ૮૦૦-૧૦૦૦ |
| ગવાર | ૬૦૦-૧૦૦૦ |
| બાદશાહ બટાકા | ૪૪૦-૪૮૦ |
| **સાંગા બટાકા** | **૨૪૦-૨૬૦** |
| **દે.ગવાર** | **૧૨૦૦-૧૩૦૦** |
| **ચોળી** | **૧૫૦૦-૧૬૦૦** |

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ............................................................

સરનામુ : ..........................................................

મોકલનારની સહી : ..................................................